dailyhunt संजोग न्यूझ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 121 | AD - 2025, Maha Sud - 07 | Tuesday, Dt.04-02-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## નવા બિલ મુજબ, બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવાના કિસ્સામાં આરોપીને ૩ થી ૧૦ વર્ષની સજાની જોગવાઈ

# રાજસ્થાન વિધાનસભામાં 'ગેરકાયદેસર ધર્મ પરિવર્તન પ્રતિબંધ બિલ ૨૦૨૫' રજૂ

(એચ.એસ.એલ),જયપુર,તા.૩

સોમવારે રાજસ્થાન વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન, ભજન લાલ સરકારે ધર્મ પરિવર્તન પર બિલ રજૂ કર્યું. તેને આરોગ્ય મંત્રી ગજેન્દ્ર સિંહ ખિંવસાર દ્વારા 'રાજસ્થાન પ્રોહિબિશન ઓફ અનલોફુલ કન્વર્ઝન ઓફ રિલિજિયન બિલ ૨૦૨૫' નામ આપવામાં આવ્યું હતું. હવે આ બિલ પર વિધાનસભામાં ચર્ચા થશે. જો આ બિલ પસાર થઈ જશે, તો રાજસ્થાનમાં ધર્મ પરિવર્તન કરવું સરળ રહેશે નહીં. આ નિયમ હેઠળ, ધર્મ પરિવર્તન માટે દબાણ કરનારાઓ માટે કડક સજાની જોગવાઈ કરવામાં આવશે.

આ બિલ હેઠળ, જે લોકો એક ધર્મમાંથી બીજા ધર્મમાં બળજબરીથી ધર્માંતરણ કરાવે છે તેમના પર અંકુશ મૂકવામાં આવશે. આ કાયદા હેઠળ, કોઈ પણ વ્યક્તિને છેતરપિંડી, લાલચ કે ધમકી આપીને બીજા ધર્મમાં ધર્માંતરિત કરી શકાતા નથી. આવા ગુનાઓને ગેરકાયદેસર ગણવામાં આવે છે અને તેમના માટે કડક સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ બિલ હેઠળ, જો કોઈ વ્યક્તિ પોતાનો ધર્મ પરિવર્તન કરે છે અને લગ્ન કરે છે, તો કોર્ટ તેને અમાન્ય જાહેર કરી શકે છે. આ માટે ધર્મ પરિવર્તન માટે ૬૦ દિવસ અગાઉ કલેક્ટરને જાણ કરવાની રહેશે.

દેશ અને રાજ્યમાં આવા ડઝનબંધ કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે, જ્યાં છોકરીઓ અને છોકરાઓને ધર્મ પરિવર્તન કરાવવા માટે દબાણ કરવામાં આવ્યું છે. આ ઘટનાઓને રોકવા માટે, સરકાર ધર્મ વિરોધી કાયદો લાગુ કરવા માંગે છે, જે ઝારખંડ,



કર્ણાટક, ગુજરાત અને ઉત્તર પ્રદેશમાં પહેલાથી જ અમલમાં છે. અહીં, વિધાનસભામાં, કાયદા મંત્રી જોગારામ પટેલે કહ્યું કે ધર્માંતરણ બિલની ખૂબ જરૂર છે, કારણ કે રાજસ્થાનના સંદર્ભમાં, ભલે તે આપણા આદિવાસી ભાઈ-બહેનોનો વિસ્તાર હોય કે અન્ય ઘણા વિસ્તારોમાં, આવા કિસ્સાઓ સામે આવે. આને રોકવા માટે આ બિલ લાવવું જરૂરી છે, કારણ કે ઘણી સંસ્થાઓ જૂથો બનાવે છે અને ખોટો પ્રચાર કરે છે અને લોકોને નાણાકીય લાલચ આપીને તેમનો ધર્મ પરિવર્તન કરાવે છે.

નવા બિલ મુજબ, બળજબરીથી ધર્મ પરિવર્તન કરાવવાના કિસ્સામાં આરોપીને ૩ થી ૧૦ વર્ષની સજાની જોગવાઈ કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન, જો કોઈ વ્યક્તિ સ્વેચ્છાએ ધર્મ પરિવર્તન કરે છે, તો પણ જિલ્લા કલેક્ટરને ૬૦ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે. આ નિયમ ઝારખંડ, કર્ણાટક અને ગુજરાતમાં પહેલાથી જ લાગુ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, ફેમિલી કોર્ટ લવ જેહાદ કરનાર વ્યક્તિના લગ્ન રદ કરી શકે છે. ઉપરાંત, આને બિન-જામીનપાત્ર ગુનો ગણવામાં આવશે. તમને જણાવી દઈએ કે વસુંધરા સરકાર દ્વારા પહેલીવાર ધર્મ પરિવર્તન બિલ લાવવામાં આવ્યું હતું. ૧૬ વર્ષ પહેલાં ૨૦૦૮માં વસુંધરા રાજે સરકારે વિધાનસભામાં ધર્માંતરણ બિલ રજૂ કર્યું હતું, પરંતુ કેન્દ્રમાં અટવાઈ જવાને કારણે બિલ લાગુ થઈ શક્યું ન હતું. આ નવા બિલ હેઠળ, જો કોઈ વ્યક્તિ પોતાનો ધર્મ પરિવર્તન કરે છે અને લગ્ન કરે છે, તો કોર્ટ તેને અમાન્ય જાહેર કરી શકે છે. તમને જણાવી દઈએ કે ઘણા સમયથી રાજ્યના ભરતપુર સહિત ઘણા જિલ્લાઓમાં લોકોના ધર્મ પરિવર્તનના પ્રયાસો થઈ રહ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ લોકો આર્થિક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. રાજસ્થાન વિધાનસભામાં ધર્માંતરણ વિરોધી બિલ રજૂ કરવામાં આવ્યું છે. સ્વાસ્થ્ય મંત્રી ગજેન્દ્ર સિંહ ખિંવસારે આ બિલ રજૂ કર્યું છે. આ બિલ બજેટ સત્રમાં જ ચર્ચા બાદ પસાર કરવામાં આવશે. બિલ પસાર થવાની તારીખ પછીથી નક્કી કરવામાં આવશે. આ બિલમાં લવ જેહાદ વિરુદ્ધ પણ જોગવાઈઓ છે. બિલમાં લવ જેહાદની વ્યાખ્યા કરવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ ધર્મ પરિવર્તન કરવાના હેતુથી લગ્ન કરે છે તો તેને લવ જેહાદ ગણવામાં આવશે. જો એવું સાબિત થાય કે લગ્નનો હેતુ લવ જેહાદ છે તો આવા લગ્ન રદ કરવાની જોગવાઈ હશે. જો કોઈ વ્યક્તિ ધર્મ પરિવર્તનના હેતુથી લગ્ન કરે છે. ફેમિલી કોર્ટ આવા લગ્નને અમાન્ય જાહેર કરી શકે છે. સ્વૈચ્છિક પરિવર્તનના કિસ્સામાં, સંબંધિત વ્યક્તિએ ૬૦ દિવસ અગાઉ કલેક્ટરને જાણ કરવાની રહેશે.






## રાહુલ ગાંધીના આ નિવેદન સામે એનડીએ સાંસદોએ સખત વાંધો ઉઠાવ્યો

# ચીને ભારતમાં ઘૂસી ૪૦૦૦ ચોરસ કિલોમીટર પ્રદેશ પર કબજો કરી લીધો છે : રાહુલ ગાંધી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

સંસદના બજેટ સત્રમાં કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ભાષણ આપ્યું હતું. આ દરમિયાન રાહુલ ગાંધીએ ચીન વિશે એવા ઘણા દાવા કર્યા કે હોબાળો શરૂ થઈ ગયો. રાહુલ ગાંધીએ દાવો કર્યો છે કે ચીને ભારતીય ક્ષેત્રમાં ઘૂસીને ૪૦૦૦ ચોરસ કિલોમીટર ભારતીય પ્રદેશ પર કબજો કરી લીધો છે. રાહુલ ગાંધીના આ નિવેદન સામે એનડીએ સાંસદોએ સખત વાંધો ઉઠાવ્યો છે. સ્પીકર ઓમ બિરલાએ રાહુલ ગાંધીને પણ કહ્યું છે કે તેમણે આ દાવા અંગે તથ્યો રજૂ કરવા પડશે. રાહુલ ગાંધીએ લોકસભામાં કહ્યું કે આપણા સેના પ્રમુખે કહ્યું છે કે ચીન આપણા પ્રદેશની અંદર છે. આ એક હકીકત છે. ચીન આપણા પ્રદેશમાં સ્થાયી થવાનું કારણ એ છે કે મેક ઇન ઇન્ડિયા નિષ્ફળ ગયું છે. આનું કારણ એ છે કે ભારત ઉત્પાદન કરવાનો ઇનકાર કરી રહ્યું છે અને મને ચિંતા છે કે ભારત આ ક્રાંતિ ફરી એકવાર ચીનને સોંપી દેશે. રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે આપણે ચીન સાથે યુદ્ધ લડીશું, ત્યારે આપણે ચાઈનીઝ ઈલેક્ટ્રિક મોટર્સ, ચાઈનીઝ બેટરીઓ અને ચાઈનીઝ ઓપ્ટિક્સ અને



ચાઈનીઝ બેટરીઓ ખરીદીશું. રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે વડાપ્રધાને તેનો ઇનકાર કર્યો છે. પરંતુ સેના કહે છે કે ચીન આપણા ૪૦૦૦ ચોરસ કિલોમીટરના પ્રદેશ પર બેઠું છે. રાહુલ ગાંધીએ કહ્યું કે અમેરિકાના રૂપમાં આપણો એક વ્યૂહાત્મક ભાગીદાર છે. ભારત અને અમેરિકાની આ ભાગીદારી આ ક્રાંતિનો લાભ લેવા માટે સાથે મળીને કેવી રીતે કામ કરી શકે છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભારત અમેરિકા માટે ખુબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ આપણા વિના ઔદ્યોગિક વ્યવસ્થાનું નિર્માણ કરી શકતા નથી. જે ભારત કરી શકે છે તે અમેરિકનો કરી શકતા નથી. આનું કારણ એ છે કે તેમનો ખર્ચ આપણા કરતા ઘણો મોંઘો છે. આપણે એવી વસ્તુઓ બનાવી શકીએ છીએ જેની અમેરિકનોએ ક્યારેય કલ્પના પણ નહીં કરી હોય. રાહુલ ગાંધીએ કહ્યું, એ સમજવું મહત્વપૂર્ણ છે કે એઆઈ પોતે જ સંપૂર્ણપણે અર્થહીન છે કારણ કે એઆઈ ડેટા પર કામ કરે છે.









# મમતા કુલકર્ણીએ મહામંડલેશ્વર બનવા રૂ.૧૦ કરોડ આપ્યા હોવાની વાતને આપ્યો રદિયો





(એચ.એસ.એલ),મુંબઈ,તા.૩

એક સમયે શોબિઝમાં પોતાની સ્ટાઈલથી બધાને ક્લીન બોલ્ડ કરનારી મમતા કુલકર્ણી હવે નિવૃત્ત થઈ ગઈ છે. વર્ષો સુધી તે ઈન્ડસ્ટ્રી અને લાઈમલાઈટથી દૂર રહી. ત્યારબાદ ૨૪ વર્ષ બાદ જ્યારે તે ભારત પરત આવી ત્યારે તેને મહાકુંભમાં કિન્નર અખાડાની મહામંડલેશ્વર બનાવવામાં આવી. પણ જ્યારે તે મહામંડલેશ્વર બની ત્યારે લોકો ખુશ ઓછા અને નિરાશ વધુ થયા. ઘણા સંતો અને ઋષિઓએ પણ મમતા વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. જોકે, બાદમાં કિન્નર અખાડાના સંસ્થાપક ઋષિ અજય દાસે તેને આ પદ પરથી બરતરફ કરી દીધી હતી. મમતા પર આરોપ હતો કે તેણે કિન્નર અખાડાના મહામંડલેશ્વર બનવા માટે ૧૦ કરોડ રૂપિયા આપ્યા હતા. આમાં કેટલું સત્ય છે, મમતાએ આ અંગે મૌન તોડ્યું છે. તેમનું કહેવું છે કે આ ખોટો આરોપ છે. તેમની પાસે એટલા પૈસા નથી. ૧૦ કરોડની વાત તો છોડો, તેની પાસે ૧ કરોડ રૂપિયા પણ નથી. મમતાએ 'આપકી અદાલત' શોમાં કહ્યું- મારી પાસે ૧ કરોડ રૂપિયા પણ નથી, ૧૦ કરોડ રૂપિયા તો રહેવા દો. સરકારે મારા બેંક ખાતા જપ્ત કર્યા છે. તમને ખબર નથી કે હું કેવી રીતે જીવી રહી છું. મારી પાસે પૈસા નથી. મારે એવું કોઈ નથી કે હું આંસુ સારુ. મેં ઘણું બલિદાન આપ્યું છે. કોઈની પાસેથી ૨ લાખ ઉછીના લીધા, કારણ કે ગુરુજીને દક્ષિણા આપવાની છે. મમતાએ જણાવ્યું કે તેના ત્રણ એપાર્ટમેન્ટ જર્જરિત હાલતમાં છે. કારણ કે ઘર છેલ્લા ૨૩ વર્ષથી બંધ હતું.







# ‘ભણશે ગુજરાત જીતશે ગુજરાત’નાં દાવા વચ્ચે સાવરકુંડલામાં શિક્ષકોની ઘટથી શિક્ષણ કથળ્યું

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા તાલુકામાં શિક્ષણ વ્યવસ્થામાં ગંભીર સંકટ ઉભું થયું છે. તાલુકાની પ્રાથમિક શાળાઓમાં અંદાજે ૧૫૦ શિક્ષકોની ઘટ નોંધાઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્ય પર કાળનો પ્રશ્ન ઉઠ્યો છે. સાવરકુંડલા તાલુકા યુથ કોંગ્રેસના પ્રમુખ નિર્મળ વાટલીયાએ આ બાબતે સરકારને પત્ર પાઠવીને ચિંતા વ્યક્ત કરી છે. વર્તમાન શૈક્ષણિક પરિસ્થિતિમાં પ્રાથમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષક(પીટી) અને કમ્પ્યુટર શિક્ષકોની કમી, શાળા વહીવટ માટે કોમ્પ્યુટર ઓપરેટર કે કારકૂનનો અભાવ અને મોટાભાગની શાળાઓમાં શિક્ષકોની ઘટની સમસ્યાઓ ઉજાગર થઈ છે. આ પરિસ્થિતિને પરિણામે વિદ્યાર્થીઓ ગંભીર રીતે પ્રભાવિત થઈ રહ્યા છે. વાલીઓ હવે મોંઘી ફી ચૂકવીને પોતાના બાળકોને ખાનગી શાળાઓમાં ભણાવવા મજબૂર થઈ રહ્યા છે. નિર્મળ વાટલીયાએ સરકારને પત્રમાં જણાવ્યું છે કે, ‘ભણશે ગુજરાત, જીતશે ગુજરાત’ ના નારાની સાર્થકતા માટે તત્કાળ ૧૫૦ શિક્ષકોની ભરતી કરવી જરૂરી છે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક ભવિષ્યને બચાવવા સરકારે ગંભીરતાથી આ મુદ્દે ધ્યાન આપવાની તાકીદ કરવામાં આવી છે.

# બાબરા તાલુકાના ધરાઈથી મોણપુર તરફ જતો માર્ગ અતિ બિસ્માર હાલતમાં

બાબરા, તા.૦૩



બાબરાના ધરાઈ ગામથી મોણપુર તરફ જતો રોડ અતિ બિસ્માર થઈ જતા ધરાઈ તથા આજુબાજુના ગામના લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. ધરાઈથી મોણપુર જતો રોડ અમરેલી જવા માટે તમામ વાહચાલકોને નજીક પડતો હોવાથી અહીં થઈને પસાર થાય છે. પરંતુ આ રોડ અતિ બિસ્માર હોવાથી વાહચાલકો વાવડીથી મોણપુર અને બાબરાથી ફરીને અમરેલી પહોંચે છે. બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોના રોડ માટે ૧૨ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવેલ હોવા છતાં તંત્ર દ્વારા રોડ બનાવવામાં આવતો નથી. ધરાઈ અને આજુબાજુના ગામના લોકોએ તંત્રને તાત્કાલિક આ રોડ નવો બનાવે તેવી અપીલ કરવામાં આવી છે.

# દુબઈ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં મનીષ સંઘાણીની ઉપસ્થિતિ

અમરેલી, તા.૦૩



દુબઈ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા એક ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ હતું. આ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ મેચમાં ગુજરાત પ્રદેશના ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ફિલ્મી સ્ટાર વિવેક ઓબેરોય, ક્રિકેટર શિખર ધવન, ક્રિકેટર શાંતા કુમાર શ્રી સંત, સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે આ વિજેતા ટીમને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતી.

# એસ.એચ. ગજેરા કેમ્પસ અમરેલીમાં ટેક ફેસ્ટ ૩.૦નું ભવ્ય આયોજન

અમરેલી, તા.૦૩



અમરેલી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા ખાતે આવેલી જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલમાં ટેકફેસ્ટ ૩.૦નું ભવ્ય આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના ૭૦૦ થી વધુ બાળ વૈજ્ઞાનિકોએ પોતાની ક્ષમતાઓ દર્શાવી હતી. વિદ્યાર્થીઓએ ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને પર્યાવરણ પર આધારિત અનેક અભિનવ મૉડલ્સ રજૂ કર્યા. તેમાં સૌરમંડળ, એર પોલ્યુશન કંટ્રોલ, દષ્ટિ ઈન્ડિકેટર યંત્ર, ટેબ ગાર્ડન, કોડિંગ સિસ્ટમ અને સેન્સર ટેક્નોલૉજી જેવા નવીન કન્સેપ્ટનો સમાવેશ કરવામાં આવ્યો. કાર્યક્રમનું ઉદ્ઘાટન જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા દ્વારા કરવામાં આવ્યું. નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી અને ડિસ્ટ્રિક્ટ પ્રાઈમરી એજ્યુકેશન ઓફિસર જી.એમ. સોલંકી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ૪,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને વાલીઓએ આ વિશિષ્ટ પ્રદર્શન નિહાળ્યું હતું. વિદ્યાર્થીઓએ રજૂ કરેલા મૉડલ્સની ઉત્કૃષ્ટ પ્રશંસા કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખુંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સૌ વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોને શુભેચ્છા પાઠવી હતી.

# રાજુલામાં રિદ્ધિ સિદ્ધિ ગજાનંદ મંદિરનો આઠમો પાટોત્સવ ઉજવાયો

રાજુલા,તા.૦૩



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં લોહાણા મહાજન વાડી પાછળ મહાવીર મંડપની બાજુમાં આવેલા રિદ્ધિ સિદ્ધિ ગજાનંદ મંદિરનો આઠમો પાટોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે મહાયજ્ઞનું આયોજન કરાયું હતું, જ્યારે સાંજે બીડું હોમાયું અને બહેનો દ્વારા રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના સમાપન પ્રસંગે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો, શહેરના આગેવાનો, વેપારીઓ તેમજ વિવિધ ધાર્મિક સંગઠનોના કાર્યકર્તાઓએ હાજરી આપી હતી.

# સાવરકુંડલા ખાતે શ્રી દિનેશ બાલચંદ સુંદરજી દોશી ટ્રસ્ટ દ્વારા ગરમ કપડાનું વિતરણ કરાયું

સાવરકુંડલા, તા.૦૩



દિનેશ બાલચંદ સુંદરજી દોશી ટ્રસ્ટ દ્વારા ગરીબ અને અતિ જરૂરિયાતમંદ લોકોને ગરમ કપડાનું વિતરણ કરાયુ હતું. સાવરકુંડલા અને આસપાસના વિસ્તારોમાં રહેતા હજારો લોકોને ગરમ કપડાંનું વિતરણ કરીને માનવતાની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું છે. ૧૦૦ બાળકોને ગરમ કોટ અને સાવરકુંડલાના નગરવાસીઓને બ્લેન્કેટ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા.

# શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ વંડા ખાતે ધોરણ ૧૦ અને ૧૨નો વિદાય સમારંભ યોજાયો

સાવરકુંડલા, તા.૦૩



શ્રી પી.પી.એસ. હાઈસ્કૂલ વંડા ખાતે ધો. ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ સીલીંગ ફેન સંસ્થાને અર્પણ કર્યો હતો. આ દરમિયાન શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંગઠન શ્રી કર્મયોગ ફાઉન્ડેશન-વંડાના ટ્રસ્ટી ચેતનભાઈ કાછડીયા, અનિલભાઈ નાકરાણી, તેમજ પ્રફુલભાઈ નાકરાણી દ્વારા શાળામાં વર્ષ દરમ્યાન થતી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હોય તેવા ૩૨ ભાઈ બહેનોને પ્રમાણ પત્ર, શિલ્ડ, ઈનામ આપવામાં આવ્યા હતા. આ માટે શાળા પરિવારે ટ્રસ્ટીઓ તેમજ તમામ સભ્યોનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# વિજપડી ખાતે માધવ સેવા ટ્રસ્ટના નેત્ર નિદાન કેમ્પમાં ૯૦ દર્દીઓએ લીધો લાભ

સાવરકુંડલા, તા.૦૩



વિજપડી ગામમાં માધવ સેવા ટ્રસ્ટ અને રણછોડદાસજી હોસ્પિટલ રાજકોટના સંયુક્ત ઉપક્રમે ૧૨૦મો નેત્ર નિદાન કેમ્પ તાજેતરમાં યોજાયો હતો. લોહાણા મહાજન વાડી ખાતે યોજાયેલા આ કેમ્પનું ઉદ્ઘાટન વિજપડી ગ્રામ પંચાયતના સરપંચ અને મુખ્ય દાતા ભરતભાઈ ભીખુભાઈ ગીગૈયાના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. રણછોડદાસજી હોસ્પિટલના તજજ્ઞ તબીબો અને તેમની ટીમે ૯૦ દર્દીઓની આંખોની તપાસ કરી હતી. તપાસ દરમિયાન ૩૩ દર્દીઓમાં મોતિયાનું નિદાન થતાં તેમને વિશેષ વાહન દ્વારા રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. આ દર્દીઓને રાજકોટ ખાતે મફત ઓપરેશન, ભોજન, નિવાસ, અને દવાઓની સુવિધા પૂરી પાડવામાં આવશે. કેમ્પ દરમિયાન બપોરનું ભોજન સરપંચ ભરતભાઈ ગીગૈયા તરફથી પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના વડીલો, વેપારીઓ અને રાજકીય આગેવાનોએ હાજરી આપી હતી.

# અમરેલી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે યોજાયો સત્સંગદીક્ષા હોમાત્મક યજ્ઞ

અમરેલી,તા.૦૩



વસંત પંચમીના પાવન પ્રસંગે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, અમરેલી દ્વારા ‘સત્સંગદીક્ષા હોમાત્મક યજ્ઞ’નું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ વંદનીય સંત વિભૂતિ પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પ અને પ.પૂ. મહંતસ્વામી મહારાજના આશીર્વાદથી અમરેલીમાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે. મંદિર પ્રતિષ્ઠા સુધી હરિભક્તોના ઘરે ઘરે દરરોજ યજ્ઞ યોજાશે. આ નૂતન પ્રકલ્પનો પ્રારંભ વસંત પંચમીના પવિત્ર દિવસે સત્સંગદીક્ષા મહાયજ્ઞથી કરવામાં આવ્યો હતો. નૂતન મંદિર પરિસરમાં યજ્ઞકુંડ ધરાવતી યજ્ઞશાળાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પ.પૂ. મહંતસ્વામી મહારાજ દ્વારા રચેલ ‘સત્સંગદક્ષા‘ ગ્રંથના ૩૧૫ શ્લોકોના પારંપરિક ગાન વચ્ચે, ૫૫૧ યજમાનોએ ૧,૦૦,૦૦૦ થી વધુ આહુતિઓ યજ્ઞનારાયણને અર્પી હતી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

Hero
માઈલેજ લીડર
★★★★★
પ્રિમયમ કોપર ગોલ્ડ ગાર્નીસ
★★★★★
મજબૂત એલોય વ્હીલ્સ
★★★★★
લાંબી આરામદાયક સીટ
★★★★★
મોટું ફ્લોરબોર્ડ
★★★★★
અત્યાધુનિક ઓટો કેન્સલ ઇન્ડિકેટર
★★★★★

હીરો નું સ્કૂટર એટલે સ્કૂટર નો હીરો
પ્રસ્તુત છે નવું
Destini 125
રહો બે કદમ આગળ
અભિનેતા HERO DESTINI 125 | નિર્માતા HERO MOTOCORP
વિશેષતાઓ તેની શ્રેણીમાં શ્રેષ્ઠ માઈલેજ | મોટા અને 100/80-12 પહોળા એલોય વ્હીલ્સ | લાંબી પહોળી સીટ 785mm | LED પ્રોજેક્ટર હેડલાઈટ DRL સાથે
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેક્ટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુક્ત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ

મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**પત્ર સાથે મારે કોઈ લેવાદેવા નથી, હું પોતે નાર્કો ટેસ્ટ કરાવવા તૈયાર : દિલીપ સંઘાણી**

# અમરેલી લેટરકાંડની તપાસ નિવૃત જજની અધ્યક્ષતામાં કરાવવા દિલીપ સંઘાણીની માંગ





અમરેલી, તા.૦૩

અમરેલી લેટર કાંડમાં પોતાનું નામ ઉછળતા ભાજપના દિગ્ગજ નેતા દિલીપભાઈ સંઘાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. જેમાં અમરેલી લેટર કાંડની હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં તપાસ કરવા માંગ કરી છે. તેમણે કહ્યું કે, આ બાબત અત્યંત ગંભીર કહી શકાય. અમરેલીના તાજેતરના બનાવ અંગે ઈલેક્ટ્રોનિક્સ તથા પ્રિન્ટ મીડિયાના અહેવાલથી મને જાણ થયેલ કે અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયાએ પોલીસમાં ફરિયાદ દાખલ કરેલ. તેમાં અમરેલી પોલીસ દ્વારા અમરેલી તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ મનિષભાઈ વઘાસીયા, એક મહિલા સહિત કુલ ૪ વ્યક્તિની ધરપકડ કરેલ હતી અને જ્યારે તેઓ પોલીસ કસ્ટડીમાં હતા ત્યારે તેઓને માર મારી કિશોરભાઈ કાનપરીયાના કહેવાતા આ પત્ર લખાવવા માટે મારું તથા અન્ય ભાજપા આગેવાનના નામ આપવા દબાણ કરેલ તેવી હકીકત મનિષભાઈ વઘાસીયાએ પ્રેસ કોન્ફરન્સમાં જણાવેલ. જે મેં મીડિયાના માધ્યમથી જોયેલ. જે અત્યંત ગંભીર બાબત કહી શકાય. અમરેલી પોલીસે પોતાની જાતે, પોલીસના કોઈ ઉચ્ચ અધિકારી અથવા તો કોઈ રાજકીય પદાધિકારીના કહેવાથી આ કાર્યવાહી કરેલ હોઈ શકે તેમ મારુ માનવું છે. વધુમાં, કોઈ સામાન્ય વ્યક્તિના ઈશારે પોલીસ આ પ્રકારનું કૃત્ય ન જ કરે. આ કેસમાં કહેવાતા સાચા કે ખોટા પત્ર સાથે મારે કોઈ લેવાદેવા નથી. આ બાબતે સત્ય બહાર લાવવા માટે હું પોતે નાર્કો ટેસ્ટ કરાવવા તૈયાર છું, તેમજ ફરિયાદી અને આ કેસ સાથે જોડાયેલા અન્ય ૨-૪ વ્યક્તિના પણ નાર્કો ટેસ્ટ થવા જોઈએ જેથી વાસ્તવિક હકીકત સુધી પહોંચવામાં સરળતા રહે. સરકાર પોલીસની ગેરકાયદેસર રાત્રે મહિલાની ધરપકડ છાવરે છે તે હકીકત ખોટી છે. સરકાર સત્ય બહાર લાવવા તમામ પ્રકારની કાનૂની કાર્યવાહી કરાવી રહેલ છે તે હકીકતની લોકોને પ્રતીતિ કરાવવી જરૂરી છે. જે ગંભીરતાને જોતાં આ કેસની તપાસ હાઈકોર્ટના સીટિંગ અથવા નિવૃત્ત જજ દ્વારા તપાસ કરવામાં આવે તેવી મારી માંગણી છે. અમરેલી લેટર કાંડ મુદ્દે પૂર્વ યુવા પ્રમુખ મનીષ વઘાસીયા, અશોક માંગરોળીયા, જીતુ ખાત્રા દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં મનીષ વઘાસીયાએ કહ્યું કે, પોલીસે મને માર માર્યો અને દિલીપભાઈ સંઘાણી, મુકેશભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા આ બધા પાછળ છે કે કેમ તે અંગે પુછપરછ કરી હતી. આ નિવેદન બાદ દિલીપભાઈ સંઘાણીએ મુખ્યમંત્રી સમક્ષ તપાસની માંગ કરી છે.

# બાબાપુર ગ્રામપંચાયતના પ્રયત્નોથી રોડ પરની ગંદકી દૂર કરવામાં આવી

બાબાપુર, તા.૦૩

અમરેલી તાલુકાના બાબાપુર ગામમાં જતાં જાહેર રસ્તા પર ઉકરડાના ઢગ ખડકાયેલા હતા. જે અંગે ગ્રામ પંચાયતના સરપંચ અને સભ્યો દ્વારા ઠરાવ કરી રસ્તો ચોખ્ખો કરવામાં આવતા ગ્રામજનોમાં આનંદની લાગણી ફેલાઈ છે. આ કામગીરીમાં સરપંચ અરવિંદભાઈ ચાવડા, સાગરભાઈ ગોંડલીયા, ભીખુભાઈ રીબડીયા, ભરતભાઈ જેબલીયા, મયુરભાઈ પરમાર, સુરેશભાઈ ચાવડા અને હરેશભાઈ રીબડીયા સહિતના સભ્યોએ કામગીરી કરેલ હતી.





તસવીર : હસમુખ રાવળ


**સંકુલ UG કોલેજ - સારૂ શિક્ષણ - ઉચ્ચ પરિણામ**

- ★ BA(Eng) Sem. VI – 100% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ BA(Psy) Sem. VI – 90% પરિણામ સાથે 100% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.Com.(GM) Sem. IV – 93% પરિણામ સાથે 91% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.Com.(GM) Sem. VI – 90% પરિણામ સાથે 90% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.Sc.(Appli) Sem. IV – 93% પરિણામ સાથે 91% ફર્સ્ટક્લાસ 2023–24
- ★ B.B.A. Sem. VI – 97% પરિણામ સાથે 97% ફર્સ્ટક્લાસ 2023–24

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ – ચક્કરગઢ રોડ અમરેલી -Ad 107


# સાવરકુંડલા શહેરમાં વિરબાઈમાંની ૨૧૯ મી જન્મજયંતીની ધામધૂમથી ઉજવણી

સાવરકુંડલા, તા. ૦૩

સાવરકુંડલા શહેરમાં પણ વસંત પંચમીના રોજ વિરબાઈમાંની ૨૧૯ મી જન્મ જયંતી ઉજવવામાં આવી હતી. સાવરકુંડલા શહેરમાં વિરબાઈમાં ટિફિન સેવા પણ કાર્યરત છે અને ૧૩૦ જેટલા જરૂરિયાતમંદ લોકોના ઘરે વિનામૂલ્યે ટિફિન પહોંચાડવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ પણ થઈ રહી છે. આજના આ પાવન પ્રસંગે વિરબાઈમાંનું પૂજન-અર્ચન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે અનેક ભાવિકોએ પણ દર્શનનો લાભ લીધો હતો.

આ પ્રસંગે વિરબાઈમાં ટિફિન સેવા તરફથી લોહાણા સમાજ તથા ભાવિકો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. રઘુવંશી સમાજના તમામ ભાવિકોએ પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.


**CHANGE OF NAME**

I hereby declare, Kaushikbhai Manubhai Vaghasiya. My old name is Kaushik Manubhai Vaghasia has been replaced by Kaushikbhai Manubhai Vaghasiya. So henceforth I am known by this name



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
એજ જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



**CHANGE OF NAME**

I hereby declare, Pareshaben Kaushikbhai Vaghasiya . My old name is Pareshaben Kaushik Vaghasia has been replaced by Pareshaben Kaushikbhai Vaghasiya. So henceforth I am known by this name


## મેમદા ગામની ધારે આવેલ ધારેશ્વરી ખોડિયારમાં તા.૫ ફેબ્રુઆરીએ જન્મ જયંતી ઉજવાશે

દામનગર, તા.૦૩

દામનગર અને ઢસા વચ્ચે આવેલ મેમદા ગામની ધારે આવેલ શ્રી ધારેશ્વરી ખોડિયાર મંદિર ખાતે તા.૦૫ ફેબ્રુઆરીના રોજ ખોડિયાર માની જન્મ જયંતીની ઉજવાણી કરવામાં આવશે. આ દરમિયાન તા.૦૫/૦૨/૨૦૨૫ને બુધવારે સવારે યજ્ઞ અને સંતવાણી રાખવામાં આવેલ છે અને ભોજન-પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે. આથી મંદિરના મહંત શ્રી બંગસદાસ બાપુ દ્વારા લોકોને ધાર્મિક કાર્યનો લાભ લેવા જણાવેલ છે.

**-//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૧૪/૨૦૨૫

**અરજદાર :-** શ્રી કસવાળા કાન્તાબેન ભીખાભાઈ
રહે. મોટા ભંડારીયા તા.જિ.અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.મોટા ભંડારીયા તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા ભંડારીયા ગામમાં અરજદાર શ્રી કસવાળા કાન્તાબેન ભીખાભાઈ તેઓના પુત્રી કસવાળા ગીતાબેન ભીખાભાઈની જન્મ (તા.૦૫/૧૨/૧૯૭૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૧/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
**હોટેલ હોલીડે**
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



**વી. કે. મોટર્સ**
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


**-//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૦૬/૨૦૨૫

**અરજદાર :-** શ્રી સાવલીયા ધીરૂભાઈ મોહનભાઈ
રહે. માલવણ તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.માલવણ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માલવણ ગામમાં અરજદારશ્રી સાવલીયા ધીરૂભાઈ મોહનભાઈ તેઓના તેઓના નાના ભાઈ નાનાલાલ મોહનભાઈ સાવલીયાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon (Ladies & Gents) Since:1996
**રાજ ફેમિલી સલૂન**
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

ડો. જુહી ઠકકર — M.D. (Skin & VD), ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ, ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

ડો. પ્રતિક પ્રજાપતિ — M.S. Ortho DNB Ortho FIAS, કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# બગસરા એસટી ડેપોનું કથળતું સંચાલન: અધિકારીઓની બેદરકારીથી મુસાફરો ત્રસ્ત

બગસરા,તા.૦૩

બગસરા એસટી ડેપોની સ્થિતિ દિવસે-દિવસે વધુ કથળી રહી છે. ડેપો મેનેજરની ઘોર બેદરકારી અને નિષ્ક્રિયતાના કારણે મુસાફરોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ડેપોની માળખાકીય સુવિધાઓની સ્થિતિ અત્યંત ખરાબ છે, જેમાં ઉપરના માળે આવેલા શૌચાલયમાંથી ટપકતું દુર્ગંધયુક્ત પાણી, બંધ પડેલી લાઈટો અને અસ્વચ્છ યુરિનલનો સમાવેશ થાય છે. વર્ષોથી નિયમિત ચાલતા અનેક મહત્વપૂર્ણ રૂટ જેવા કે બગસરા-ભાવનગર, બગસરા-રાજકોટ (વડીયા અને દેરડી માર્ગે), બગસરા-જૂનાગઢ (ભેંસાણ માર્ગે), રાજુલા-મહુવા-રફાળા, જેતપુર-રાજકોટ અને ધોરાજી-ખાંભા વગેરે બંધ કરી દેવામાં આવ્યા છે. ડેપો મેનેજર દ્વારા ડ્રાઈવરોની અછત અને રજાઓનું કારણ આપવામાં આવે છે, પરંતુ



કોઈ ઠોસ ઉકેલ લાવવામાં આવતો નથી. સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી મફત વાઈ-ફાઈ સુવિધા છેલ્લા પંદર દિવસથી બંધ છે. વધુમાં, ખાનગી વાહનો ડેપોમાંથી બેફામ રીતે મુસાફરોને લઈ જાય છે છતાં તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. સ્થાનિક લોકો અને મુસાફર સંગઠનો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ સુધારો થયો નથી. લોકોની માંગ છે કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ બાબતે તાત્કાલિક ધોરણે કડક પગલાં લેવામાં આવે અને ડેપોના અવ્યવસ્થિત વહીવટને નિયંત્રિત કરવામાં આવે.

# લીલીયા તાલુકામાં ધારાસભ્ય કસવાલા દ્વારા રૂ.૫૮૦ લાખના કામોનું ભૂમિપૂજન

લીલીયા,તા.૦૩

લીલીયા તાલુકાના વિકાસને નવી દિશા આપતા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ વિવિધ ગામોમાં કુલ રૂ.૫૮૦ લાખના વિકાસ કામોનું ભૂમિપૂજન કર્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, ભોરિંગડા-ચારોડીયા અને કુતાણા-ખારા વચ્ચે રૂ.૧૮૦ લાખના ખર્ચે પુલ-નાળાનું નિર્માણ થશે. આ ઉપરાંત ખારા-ઢાંગલા અને ખારા-હાથીગઢ વચ્ચે



રૂ.૨૨૦ લાખના ખર્ચે પુલ-નાળાનું કામ હાથ ધરાશે. ગુંદરણ-પાંચ તલાવડા અને હરીપર-એકલેરા વચ્ચે અનુક્રમે રૂ.૬૦-૬૦ લાખના ખર્ચે પુલનું નિર્માણ કરવામાં આવશે. વધુમાં, પુતળીયા ખાતે રૂ.૬૦ લાખના ખર્ચે એપ્રોચ પુલ-નાળાનું નિર્માણ કરાશે.

ભૂમિપૂજન કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, શિક્ષણ સમિતિ ચેરમેનના પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના વાઈસ ચેરમેન અરુણભાઈ પટેલ સહિત આગેવાનો, વિવિધ ગામોના સરપંચો, કાર્યકરો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોટી કુંકાવાવ ગામે જુની પ્રાથમિક શાળા પાસેથી બાઈકની ચોરી

**બરવાળા બાવીશી ગામના રત્ન કલાકારે ફરિયાદ નોંધાવી**

વડીયા, તા.૦૩

મોટી કુંકાવાવ ગામે જુની પ્રાથમિક શાળા પાસેથી બરબાળા બાવીશી ગામના રત્ન કલાકારના બાઈકની ઉઠાંતરી થઈ હતી. બનાવ અંગે અરવિંદભાઈ પુંજાભાઈ મારૂએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ૩૧/૦૧/૨૦૨૪ ના બપોરના દોઢ વાગ્યાથી સવા બે વાગ્યા દરમિયાન કોઈ ચોર અજાણ્યો ઈસમ મોટી કુંકાવાવ ગામે પ્રમુખ ડાયમંડના કારખાના સામે આવેલ જુની પ્રાથમિક શાળા પાસેથી તેમની GJ-૦૫-KM-૭૮૫૫ ની ચોરી કરી લઈ ગયો હતો. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. જે.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાણક્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

ધારી, તા.૦૩

અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ આયોજિત ચાણક્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું ધારી શિક્ષક સંઘના યજમાન પદે આયોજન કરવામાં આવેલ હતું. આ ટુર્નામેન્ટ ૨૫ અને ૨૬ જાન્યુઆરી તેમજ ૧ અને ૨ ફેબ્રુઆરી રજાના સમયમાં ગોઠવવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં ૧૧ તાલુકાની ટીમો વચ્ચે પ્રથમ મેચ રમવાનું



તસવીર : સંજય વાળા

આયોજન કરેલ હતું. વિજેતા ટીમો વચ્ચે તારીખ ૧ અને ૨ ફેબ્રુઆરીના રોજ ક્વોલિફાયર ટોપર ટીમો અને એલિમિનેટર અને ક્વોલિફાયર જીતેલી ટીમો વચ્ચે મેચનું આયોજન થયેલ હતું. જેમાં જાફરાબાદની ટીમ ચેમ્પિયન થયેલ અને ધારી ટીમ રનર્સઅપ રહેલ હતી. આ જિલ્લા ટીમ ઝોનકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે અને ઝોનની વિજેતા ટીમ રાજ્યકક્ષાએ રમવા જશે. આ આયોજન જિલ્લા સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ વીંછીયા અને મહામંત્રી રસિકભાઈ મહેતા અને નીલેશભાઈ ઠુંમર, ખજાનચી ધર્મેન્દ્રભાઈ ધાધલ તથા પ્રમોદભાઈ કાનપરિયાના માર્ગદર્શન નીચે કરવામાં આવેલ હતું.

# ધારીના ગીગાસણ ગામે દિવાલ તૂટીને અચાનક માથે પડતાં પુરુષનું મોત

ધારી, તા.૦૩

ધારીના ગીગાસણ ગામે દિવાલ તૂટીને અચાનક માથે પડતાં પુરુષનું મોત થયું હતું. બનાવ અંગે પ્રવિણભાઈ જાદવભાઈ કોટડીયા (ઉ.વ.૪૩)એ જાહેર કર્યા મુજબ, દિનેશભાઈ મનુભાઈ કોટડીયા (ઉ.વ.૪૩) જુના મકાનની દિવાલ પાડવાનું કામ કરતા હતા. અચાનક દિવાલ તૂટી પડતાં શરીરે માથામાં ઈજા થવાથી મરણ પામ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં મહિલાને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

જાફરાબાદ, તા.૦૩

જાફરાબાદમાં એક યુવકે મહિલાને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. રજા મસ્જીદ પાસે રહેતી સમીમબેન જુમ્માભાઈ ભરય (ઉ.વ.૪૦)એ જાવીદભાઈ સલીમભાઈ તથા સલીમભાઈ સામે, તેના ઘર પાસે લાકડી લઈ આવી જેમ ફાવે તેમ ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢમાર માર્યાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.જે. હિમાસીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી નવનીત હીરો શોરૂમ ખાતે અગ્રણી ડોકટરો દ્વારા ડેસ્ટિની ૧૨૫ સ્કૂટરનું અનાવરણ

અમરેલી, તા.૦૩

અમરેલીનાં હીરો મોટોકોર્પનાં શોરૂમ નવનીત હીરો ખાતે નવી ડેસ્ટિની ૧૨૫નાં લોન્ચ માટે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે ડો. ડી.એમ. ઉનડકટ, ડો. આર.ડી. ઘોડાસરા અને ડો. એચ.એસ. પરમાર હાજર રહ્યાં હતા. જેમણે સ્ટાઈલિશ અને શક્તિશાળી સ્કૂટરનું અનાવરણ કર્યું હતું. જેમ જેમ ડોકટરોએ કવર હટાવ્યું ડેસ્ટિની ૧૨૫ તેજસ્વી રીતે ચમકી, જે એક સરળ અને વિશ્વસનીય પ્રતીક હતું. ડો. ઉનડકટે તેમની અદ્યતન સુવિધા તથા ઘોડાસરાએ




તેના આરામ પર પ્રકાશ પાડયો અને ડો. પરમારે એન્જીન શરૂ કર્યું જેનાથી શોરૂમ ઉત્સાહથી ભરાઈ ગયો. ચારે બાજુ તાળીઓનાં ગડગડાટ સાથે ગ્રાહકોએ આતુરતાથી સ્કૂટરનું અન્વેષણ કર્યું હતું. જેનાથી આ ઈવેન્ટ હીરો મોટોકોર્પ અને ડેસ્ટિની ૧૨૫ સાથેની તેની નવી સફર માટે એક યાદગાર સીમાચિહ્નરૂપ બની ગઈ!

# રાજુલાના યુવાનોએ કર્યું અનોખું કાર્ય, દીકરીને આપી પિતાની છત્રછાયા અને ધામધૂમથી કરાવ્યા લગ્ન

રાજુલા,તા.૦૩

રાજુલા શહેરના જય ભૂતડા દાદા ગ્રુપે ખાંભા ગામની એક પિતાવિહોણી દીકરીના લગ્નની સંપૂર્ણ જવાબદારી ઉઠાવી હતી. ૧૭ વર્ષથી પિતાની છત્રછાયા વગર ઉછરેલી આ દીકરીના લગ્ન મોટા લીલીયા ગામના એક યુવાન સાથે કરાવવામાં આવ્યા હતા. વિશેષ વાત એ છે કે વર પક્ષનો યુવાન પણ માતાવિહોણો હોવાથી બંને અનાથ પરિવારોને એક કરવાનું પુણ્ય કાર્ય આ ગ્રુપે કર્યું હતું. ગ્રુપના



તસવીર : ગોપાલ રાઠોડ

યુવાનોએ હિન્દુ શાસ્ત્ર વિધિ મુજબ લગ્ન કરાવ્યા હતા અને દીકરીને ઘરની તમામ જરૂરી વસ્તુઓથી માંડીને નાનામાં નાની ચમચી સુધીની ભેટ આપી હતી. વિદાયના સમયે ગ્રુપના યુવાનોએ પિતા અને ભાઈની ભૂમિકા નિભાવી હતી, જે જોઈને ઉપસ્થિત મહેમાનોની આંખો ભીની થઈ હતી.આ અનોખા સમાજસેવાના કાર્યને સૌએ બિરદાવ્યું હતું.

# ખાંભાના રૂગનાથપુર ગામની સીમમાં વાડીની ઓરડીમાંથી દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં પોલીસે બે સ્થળેથી દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. ખાંભાના રૂગનાથપુર ગામની સીમમાં વાડી ખેતરની ઓરડીમાંથી ૪ લીટર દેશી દારૂ પકડાયો હતો. વિકટર લિબર ચોક પાસેથી એક યુવક ૨ લીટર દેશી દારૂ સાથે મળ્યો હતો. રાજુલા, બાબરીયાધાર અને બાબરકોટ ગામેથી એક-એક મળી કુલ ત્રણ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં મળી આવ્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: સાતમ
તા. ૦૪-૦૨-૨૦૨૫, મંગળવાર, સૂર્યોદય-૦૭:૦૭,
સૂર્યાસ્ત-૦૬:૦૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૨-૨૦૨૫ મંગળવાર

મેષ: આજનો દિવસ સામાન્ય કરતા સારો રહેશે. ધનલાભની ઘણી તકો આવશે, પરંતુ આજે તમારું મન બીજે ભટકશે.

વૃષભ: આજનો દિવસ ઉદાસ રહેશે. સ્વાસ્થ્યમાં આજે શારીરિક અને માનસિક નબળાઇ રહેશે. આજે સારો વ્યવહાર કરજો નહીં તો સંબંધો બગડી શકે છે.

મિથુન: આજે તમારા પર ઘણી બધી જવાબદારીઓ નિભાવવાનો દિવસ છે. ઘરના બધા જૂના અટકેલા કામોને પૂર્ણ કરવાની તક મળશે.

કર્ક: કાર્યક્ષેત્રમાં ચોરી અથવા અન્ય કોઈ કારણસર નુકસાન થઈ શકે છે. પૈસાને લઈને બપોરે પરેશાની થઈ શકે છે.

સિંહ: આજનો દિવસ તમને ખૂબ વ્યસ્ત રાખશે. દિવસના પહેલા ભાગમાં કેટલાક તાત્કાલિક ફોન કોલ્સ અને ઇમેઇલ્સનો જવાબ આપવો જરૂરી રહેશે.

કન્યા: આજે તમે તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને નફો મેળવશો, દિવસની શરૂઆતથી બપોર સુધી તમે તમારા કામમાં બેદરકાર રહેશો.

તુલા: આજે તમે ભૂતકાળમાં થયેલી ભૂલોથી શીખી શકશો. સખત મહેનત કર્યા પછી પણ તમને ઇચ્છિત સફળતા નહીં મળે, પરંતુ નિરાશ થશો નહીં.

વૃશ્ચિક: આજે અનિયંત્રિત ખોરાકના કારણે દિવસની શરૂઆતમાં તમારું સ્વાસ્થ્ય થોડું નરમ રહેશે. પેટમાં સમસ્યા થતા થાકને લીધે કોઈપણ કાર્ય માટે પૂરો ઉત્સાહ રહેશે નહીં.

ધન: આજે સવારથી નવા કાર્યક્રમ સંદર્ભે ઉત્સાહ મળશે. ઓફિસમાં તમારું પ્રમોશન અથવા પગાર વધારવાની વાત છે, તમારા ઉત્સાહને નિયંત્રિત કરો.

મકર: સાથીઓ અને પરિવારના સભ્યો તમારા બેદરકારીભર્યા વર્તનને કારણે પરેશાન થઈ શકે છે. એકબીજા સાથે તકરાર પણ થઈ શકે છે.

કુંભ: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી જ તમે આવશ્યક કાર્યોમાં વ્યસ્ત રહેશો. ઘરમાં કોઈ બાબતે દલીલ થઈ શકે છે.

મીન: આજનો દિવસ તમારા માટે ખુશીઓથી ભરપૂર રહેશે. કોઈની સાથે વાદ-વિવાદ અથવા દલીલમાં તમે જીતી શકો છો.

# લીલીયાના ગોઢાવદર ગામે જમીનમાં ભાગ મુદ્દે ભાઈઓમાં બબાલ થઈ

**સામસામી જાનથી મારવાની ફરિયાદ નોંધાવી**

લીલીયા, તા.૦૩

લીલીયાના ગોઢાવદર ગામે જમીનમાં ભાગ મુદ્દે સગા ભાઈઓમાં બબાલ થઈ હતી. બંને ભાઈએ એકબીજા વિરુદ્ધ સામસામી જાનથી મારવાની ફરિયાદ નોંધાવી હતી. ભરતભાઈ કરશનભાઈ નારોલા (ઉ.વ.૫૪) એ નરેશભાઈ કરશનભાઈ નારોલા તથા કેતનભાઈ દેવરાજભાઈ નારોલા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ભાઈ નરેશભાઈએ ઘરે આવીને જમીનમાં ભાગ માંગ્યો હતો. જેથી પહેલા જમીન ઉપર સંયુક્ત લેણું છે તે ભાગે ભળતું આપી દે, તો જમીનમાં તારો ભાગ આપી દઈએ તેમ કહેતા સારું નહોતું લાગ્યું અને કેતનને લાકડી લઈને બોલાવ્યો હતો. તેણે આવીને જમીનમાં જે ભાગ આવતો હોય તે નરેશભાઈને આપી દેજો તેમ કહી ગાળો આપી હતી. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ નરેશભાઈ કરશનભાઈ નારોલા (ઉ.વ.૪૫) એ ભાઈ ભરતભાઈ કરશનભાઈ નારોલા તથા પિતા કરશનભાઈ રણછોડભાઈ નારોલા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે પિતા પાસે જમીન, મકાન, પ્લોટમાં હિસ્સો માંગતા આરોપીઓને સારું નહોતું લાગ્યું અને ગાળો બોલી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ કનુભાઈ ધાંધળ વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીના મતીરાળા ગામે દવા પીધાનો બનાવ બન્યો

લાઠી, તા.૦૩

લાઠીના મતીરાળા ગામે દવા પીધાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો. ગોવિંદભાઈ ભીમાભાઈ બગડા (ઉ.વ.,૭૦)એ જાહેર કર્યા મુજબ, ભોગ બનનારે અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા સારવારમાં દાખલ કર્યા હતા. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.એલ. ખેર વધુ તપાસ કરી રહ્યા છે.


**-//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૦૨/૨૦૨૫

**અરજદાર** :- શ્રી મનીષાબેન પરશોતમભાઈઅંટાળા
તે ડુંગરભાઈ સોરઠિયાના પત્ની
રહે. સોનારિયા, તા.અમરેલી, જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.સોનારીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સોનારીયા ગામમાં અરજદારશ્રી તેઓના નાના બેન જાગૃતિ પરશોતમભાઈ અંટાળાની જન્મ (તા.૦૧/૦૪/૧૯૭૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**-//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ અરજી નં.૦૭/૨૦૨૫

**અરજદાર** :- શ્રી સુખડીયા બાબુભાઈ કાનજીભાઈ
રહે.શેરી નં.૧, રામપરા, વાલપરા
જેશિંગપરા, અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા/જિ-અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં સુખડીયા બાબુભાઈ કાનજીભાઈ તેમના ભત્રીજા શ્રી સુખડીયા વસંતભાઈ પુરૂષોતમભાઈનો જન્મ (તા.૦૨/૦૬/૧૯૬૯) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી**
**(જી.જી.બાવીસા)**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

**-//એકિઝક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી નં.૦૭/૨૦૨૫

**અરજદાર** :- શ્રી સાવલીયા ધીરૂભાઈ મોહનભાઈ
રહે. માલવણ, તા.જિ.અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.માલવણ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માલવણ ગામમાં અરજદારશ્રી સાવલીયા ધીરૂભાઈ મોહનભાઈતેઓનાતેઓનાનાનાબહેનકાન્તાબેનમોહનભાઈસાવલિયાનીજન્મ (તા.૦૧/૦૧/૧૯૬૦) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

તંત્રી લેખ

# યુએસ પ્રેસિડેન્ટની ટેરીફની ધમકી સામે ભારત સક્ષમ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સત્તાનો તાજ ધારણ કરતાની સાથે જ જગતના દેશોને ધમકાવવાનું શરૂ કરી દીધું અને તેનો અમલ પણ શરૂ કરી દીધો છે. જે દેશ અમેરિકાના હિતની વિરુદ્ધ હશે તેની સામે અમેરિકા કડક પગલાં ભરી રહ્યું છે તેમાં મહત્વનું પગલું અમેરિકા દ્વારા લાદવામાં આવેલો ટેરીફ છે. જેને કારણે એ દેશોને પોતાનો માલ-સામાન અમેરિકામાં વેચવામાં અત્યંત મુશ્કેલી પડશે. આ માલ-સામાન પર એટલો ટેક્સ લાગશે કે જેને કારણે અમેરિકામાં કોઈ પ્રજા આ સામાન કોઈ સંજોગોમાં ખરીદી શકે નહીં દાખલા તરીકે ભારતમાં બનેલું ટીવી જેની કિંમત ૧૦૦૦૦ હોય તો અમેરિકામાં તેની કિંમત અનેક ગણી વધારે હોવાથી અમેરિકાની કોઈ પ્રજા આ ટીવી ખરીદશે નહીં પરિણામે ભારતને નુકસાન થશે. તે અમેરિકા તરફથી મળતું ચલણ ગુમાવશે બીજી બાજુ અમેરિકાનું ટીવી ખૂબ મોટા પ્રમાણમાં વેચાશે અને ત્યાં રોજગારી વધશે અને આપણા દેશની અંદર ટીવીના કારખાના બંધ થશે એવું બની શકે. આ તો એક માત્ર દાખલો છે આવું દરેક આયાત નિકાસમાં બનશે. અમેરિકાના હાથમાં સત્તા છે, ડોલરનો પાવર છે. વિશ્વના બ્રિક્સ દેશોએ ડોલરની સામે પોતાનું ચલણ મૂકવાનું નક્કી કર્યું અને આને કારણે ડોનાલ્ડ ટ્રમ્પનો ગુસ્સો સાતમા આસમાન પર પહોંચી ગયો. તેણે ભારતને પણ આ બાબતની ધમકી આપી છે પરંતુ ભારત તેનાથી ડરી જાય તેમ નથી. જો ટ્રમ્પ ટેરિફ લાદે તો ભારત કેવી પ્રતિક્રિયા આપશે? નાણાં મંત્રાલયે કહ્યું- અમે પણ તૈયાર છીએ. ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા દેશો પર ભારે ટેરિફ લાદવાની ધમકી આપી છે. તેમણે કેનેડા અને મેક્સિકો પર ૨૫ ટકા અને ચીન પર ૧૦ ટકા ટેરિફ લાદ્યો છે. કેનેડાએ વળતો પ્રહાર કર્યો અને અમેરિકા પર સમાન ટેરિફ લાદવાની ધમકી આપી. હવે એવું માનવામાં આવે છે કે ટ્રમ્પ ભારત અંગે પણ આવું જ પગલું ભરી શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પના ગુસ્સાનું કારણ છે બ્રિક્સ ચલણ. બ્રિક્સ ચલણ એ બ્રિક્સ જૂથના સભ્ય દેશો દ્વારા સૂચિત એક નવીન વૈશ્વિક ચલણ છે. આ જૂથમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. આ ચલણનો હેતુ યુએસ ડોલર પર નિર્ભરતા ઘટાડવાનો અને સભ્ય દેશો વચ્ચેનો વેપાર સરળ બનાવવાનો છે. બ્રિક્સ ચલણની દરખાસ્ત સૌપ્રથમ ૨૦૧૨ માં કરવામાં આવી હતી. ત્યારથી, આ ચલણના અમલીકરણની શક્યતાઓ અને પડકારો પર અનેક ચર્ચાઓ થઈ છે. આ ચલણના ફાયદા ઘણા હોઈ શકે છે. સૌપ્રથમ, તે યુએસ ડોલર પર નિર્ભરતા ઘટાડી શકે છે, જે સભ્ય દેશો અને ડોલરના મૂલ્યમાં થતા ફેરફારોથી સુરક્ષિત કરી શકે છે. બીજું, તે સભ્ય દેશો વચ્ચેનો વેપાર સરળ બનાવી શકે છે, કારણ કે તેમને વિવિધ ચલણોમાં રૂપાંતર કરવાની જરૂર રહેશે નહીં. ત્રીજું, બ્રિક્સ જૂથના પ્રભાવને વૈશ્વિક સ્તરે વધારી શકે છે. બ્રિક્સ ચલણના અમલીકરણના પડકારો પણ ઘણા છે. એક પડકાર એ છે કે સભ્ય દેશો વચ્ચે આ ચલણના ઉપયોગ અંગે સર્વસંમતિ સાધવી જરૂરી છે. બીજો પડકાર એ છે કે આ ચલણને વૈશ્વિક સ્તરે સ્વીકૃતિ ૩ ફેબ્રુ, ૨૦૨૫ કરાવવું પડશે. ત્રીજો પડકાર એ છે કે આ ચલણની સ્થિરતા સુનિશ્ચિત કરવી પડશે. ભારત સરકાર આવા કોઈપણ પગલાંનો સામનો કરવા માટે વ્યૂહરચના બનાવવામાં વ્યસ્ત છે. આ સંદર્ભમાં, વિદેશ મંત્રાલય, નાણાં મંત્રાલય, વાણિજ્ય મંત્રાલય, ભારે ઉદ્યોગ મંત્રાલય અને કેટલીક અન્ય સરકારી એજન્સીઓ વચ્ચે ચર્ચા ચાલી રહી છે જેથી ઉપરોક્ત પરિસ્થિતિ ઊભી થાય તો એક વ્યાપક વ્યૂહરચના ઘડી શકાય.

# અંધારીયા ખંડના આ દેશમાં શ્રાપિત ખજાના માટે આજે પણ લોહીની નદી વહે છે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

થોડા દાયકા પહેલા મેકેનાઝ ગોલ્ડ નામની એક ફિલ્મ આવી હતી. જેમાં સોના જેવી કિંમતી ધાતુ માટે જે તેની શોધમાં જાય છે તે કોઈ જીવતા પાછા આવતા નથી. આજે દક્ષિણ આફ્રિકાના કોંગો નામના દેશમાં આજની તારીખે આવું બની રહ્યું છે. દક્ષિણ આફ્રિકાના એક દેશમાં ટિટેનિયમ, થોરિયમ અને પ્લેટિનમ જેવી કિંમતી ધાતુના અનમોલ ખજાના છુપાયેલા છે. આ ખજાનાને હસ્તગત કરવા માટે છેલ્લા કેટલાય દાયકાથી ભયાનક સંઘર્ષ ચાલી રહ્યો છે. આજે પણ આ દેશમાં લોહીની નદીઓ વહી રહી છે.

ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DRC) એ મધ્ય આફ્રિકામાં સ્થિત કુદરતી સંસાધનોથી સમૃદ્ધ એક વિશાળ દેશ છે. તેને સામાન્ય રીતે કોંગો-કિંશાસા અથવા ફક્ત કોંગો પણ કહેવામાં આવે છે. તેનો પાડોશી કોંગો પ્રજાસત્તાક છે, જેનાથી તેને અલગ પાડવા માટે કોંગો-કિંશાસા કહેવામાં આવે છે, જ્યારે કોંગો પ્રજાસત્તાક કોંગો-બ્રાઝાવિલે કહેવામાં આવે છે. આ દેશમાં કિંમતી ધાતુના ભંડારો આવેલા છે. ટિટેનિયમ (Titanium) એક અત્યંત મજબૂત, હલકી અને કાટરોધક ધાતુ છે, જે ઉદ્યોગો અને રોજિંદા જીવનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ ધાતુ એકદમ હલકી છે પરંતુ અતિશય મજબૂત છે જે સ્ટીલ કરતા પણ વધુ મજબૂત ગણી શકાય છતાં તે સ્ટીલ કરતા ૪૦% ઓછું વજન ધરાવે છે. તેનામાં કાટ પ્રતિરોધક ક્ષમતા સો ટકા છે. ખારા પાણીમાં તેને કાટ લાગતો નથી, હવામાનની અસર થતી નથી. ખૂબ ઊંચું તાપમાન હોવા છતાં આ ધાતુમાં જરા પણ વિકૃતિ આવતી નથી. આ ઉપરાંત તે એસિડ પ્રુફ છે મતલબ કે તેના પર એસિડની અસર થતી નથી. બાયોકમ્પેટિબિલિટી એટલે માનવ શરીર સાથે સુસંગત હોવાને કારણે દાંતના ઈમ્પ્લાન્ટ અને હાડપિંજરની સર્જરીમાં ઉપયોગી છે. આ ઉપરાંત એરોસ્પેસ (Aerospace) વિમાનો, અવકાશયાન અને મિસાઈલમાં ટિટેનિયમનો ઉપયોગ થાય છે.

હાડકાંના ઈમ્પ્લાન્ટ, હાર્ટ વાલ્વ અને સર્જીકલ સાધનો બનાવવામાં, ઓટોમોબાઈલ સેક્ટરમાં પણ તેનો ઉપયોગ સૌથી વધુ થાય છે. રેસિંગ કાર અને હાઈ-એન્ડ બાઈકના ભાગોમાં જે પાર્ટ્સ વપરાય છે તેમાં ટિટેનિયમ વપરાય છે. રાસાયણિક ઉદ્યોગમાં આ ધાતુ ટાંકીઓ અને પાઈપલાઈનમાં, કેમિકલ પ્રોસેસ માટે વ્યાપક રીતે વપરાય છે. ટિટેનિયમ ધાતુના ઘડિયાળ અને આભૂષણો ટકાઉ અને એન્ટિ-એલર્જિક હોય છે. ટિટેનિયમના ગેરફાયદા પણ છે. ટિટેનિયમ અન્ય ધાતુઓની તુલનામાં મોંઘી છે. તેને પ્રક્રિયા



(Process) કરવા અને ઘડતરમાં વધુ ખર્ચ થાય છે. ટિટેનિયમ એ એક પ્રીમિયમ ધાતુ છે, જે એરોસ્પેસથી લઈને રોજિંદા જીવન સુધી ઉપયોગી છે. મજબૂત અને હલકી હોવાના કારણે તેનો ઉદ્યોગોમાં વ્યાપક ઉપયોગ થાય છે, ભલે તેનું ઉત્પાદન મોંઘું હોય. આવી કિંમતી ધાતુ માટે જગત ભરના દેશો પ્રયાસ કરે તે હકીકત છે.

જે દેશમાં આ ધાતુના સૌથી મોટા ભંડારો આવેલા છે તે દેશ વિશે પણ જાણવું જરૂરી છે. તે દેશની રાજધાની કિન્શાસા છે તેની સત્તાવાર ભાષા ફ્રેન્ચ, ઉપરાંત સ્થાનિક ભાષા જેમ કે લિંગાલા, કિ કોંગો, સ્વાહિલી અને ત્શિલુબા જેવી ભાષાઓનો વ્યાપક ઉપયોગ થાય છે. ૩૦ જૂન ૧૯૬૦ માં બેલ્જિયમથી આ દેશને સ્વતંત્રતા મળી. દેશનું ચલણ કોંગો લીઝ ફ્રાન્ક છે. ફેલિક્સ શિસેકેદી ૨૦૨૪ સુધી આ દેશના રાષ્ટ્રપતિ હતા. દેશની વસ્તી લગભગ ગુજરાત રાજ્ય જેટલી છે. દેશનું ક્ષેત્રફળ ૨૩,૪૫,૪૦૯ ચોરસ કિલોમીટર છે. જેનાથી તે આફ્રિકાનો બીજો સૌથી મોટો દેશ બન્યો છે. કુદરતી સંસાધનો પણ આ દેશની અંદર વિપુલ પ્રમાણમાં છે. ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો એ વિશ્વના સૌથી સમૃદ્ધ કુદરતી સંસાધનો ધરાવતા દેશોમાંનો એક છે. અહીં હીરા, સોનું, કોબાલ્ટ, તાંબુ અને કોલ્ટન (ઈલેક્ટ્રોનિક્સમાં વપરાતા) ના મોટા ભંડાર છે. આમ છતાં, દેશ રાજકીય અસ્થિરતા, બેલ્જિયન વસાહત (Belgian Colonies) એ બેલ્જિયમના ભૂતકાળમાં આવેલા વસાહતોની ચર્ચા કરે છે. બેલ્જિયમની કોલોનીઓ મુખ્યત્વે આફ્રિકા અને એશિયા જેવા વિસ્તારોમાં હતી.

સૌથી મહત્વપૂર્ણ બેલ્જિયમ કોલોનીઝમાં છેઃ ૧૮૮૫–૧૯૦૮મા કોંગો સ્વતંત્ર રાજ્ય બન્યું. રાજ્ય બેલ્જિયમના રાજા લિયોપોલ્ડ-૨ દ્વારા ખાનગી રીતે શાસિત હતું. આ ખૂબ જ ક્રૂર રાજા હતો અને અનેક લોકોની હત્યા કરી હતી. બેલ્જિયન કોંગો (૧૯૦૮–૧૯૬૦) ૧૯૦૮ માં, કોંગો સ્વતંત્ર રાજ્ય બન્યું. રુન્ડી અને બુરુંડી (૧૯૧૬–૧૯૬૨): રુન્ડી અને બુરુંડી બે પ્રાંત હતા. બેલ્જિયમની સત્તાવાળા રાજય હતા. આ પ્રદેશ ૧૯૧૬ માં બેલ્જિયમ દ્વારા કબજે કરવામાં આવ્યો અને પછીથી ૧૯૬૨ માં આ બંને દેશ સ્વતંત્ર થયા. આ કોલોનીયલ વારસો હજુ પણ આ દેશોમાં સામાજિક, આર્થિક અને રાજકીય સંઘર્ષોનું કારણ બની રહ્યો છે. તો, આંતરિક સંઘર્ષ અને ગરીબી સામે સંઘર્ષ કરી રહ્યો છે. ૧૯મી સદીમાં આ વિસ્તાર બેલ્જિયન વસાહત હતો અને તેને બેલ્જિયન કોંગો કહેવામાં આવતું હતું. ૧૯૬૦માં સ્વતંત્રતા મળ્યા પછી, તે અનેક રાજકીય અસ્થિરતા અને બળવાનો ભોગ બન્યું.

આજે પણ દેશના પૂર્વ ભાગમાં બળવાખોર જૂથો અને સંસાધનો વચ્ચે હિંસા ચાલુ છે. કોંગોનું અર્થતંત્ર મુખ્યત્વે ખાણકામ, કૃષિ અને વનસંવર્ધન પર આધારિત છે. જોકે, ગેરકાયદેસર ખાણકામ, ભ્રષ્ટાચાર અને માળખાગત સુવિધાઓના અભાવે વિકાસ અવરોધાય છે. વિશ્વનું બીજું સૌથી મોટું વરસાદી વન કોંગો વરસાદી વન એટલે કે રેઈન ફોરેસ્ટ અહીં આવેલું છે. વિશ્વની સૌથી ઊંડી નદી કોંગો નદી આ દેશમાં વહે છે.

કિન્શાસાઃ આફ્રિકન દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (DRC) માં પ્રાદેશિક સંઘર્ષ વધુ તીવ્ર બની રહ્યો છે. બળવાખોર જૂથ M૨૩ ના લડવૈયાઓએ તાજેતરના દિવસોમાં ઘણા મહત્વપૂર્ણ વિસ્તાર કબજે કર્યા છે. આ સંઘર્ષમાં મોટી સંખ્યામાં મૃત્યુ થઈ રહ્યા છે અને દરરોજ સેંકડો લોકો ઘાયલ થઈ રહ્યા છે. આના કારણે દેશમાં માનવતાવાદી સંકટ વધી રહ્યું છે. આ બધામાં એક રસપ્રદ વાત એ છે કે સત્તા કબજે કરવા ઉપરાંત, ડીઆરસીમાં ચાલી રહેલા યુદ્ધ પાછળ બીજી એક બાબત પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. આ વસ્તુ ટેન્ટેલમ છે, જે મોબાઈલ ફોનમાં વપરાતી એક દુર્લભ ધાતુ છે.

આ કિંમતી ધાતુ સ્માર્ટફોન અને અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણો માટે ખૂબ જ જરૂરી છે. આ ધાતુ કોંગોની ખાણોમાંથી મોટી માત્રામાં કાઢવામાં આવે છે. આમાંની ઘણી ખાણો M૨૩ બળવાખોર જૂથના નિયંત્રણમાં આવી ગઈ છે. આ જૂથ ખાણકામમાંથી થતી આવકનો ઉપયોગ શસ્ત્રો ખરીદવા અને લડવૈયાઓની ભરતી કરવા માટે કરી રહ્યું છે, જેનાથી યુદ્ધ વધુ ક્રૂર બની રહ્યું છે.

**દાયકાઓ સુધી આફ્રિકાને અંધારિયો ખંડ કહેવામાં આવતો હતો. આજે પણ એવું જ વાતાવરણ છે. એક રહસ્યમય પરંતુ કિંમતી ધાતુના ખજાના માટે એક દેશમાં આજે પણ સદીઓથી સંઘર્ષ ચાલી રહ્યો છે. આફ્રિકાના કોંગો નામના દેશમાં એ ખજાનો છે. જેના માટે લોહીની નદીઓ વહે છે. મોબાઇલથી માંડીને અવકાશયાન સુધીમાં વપરાતી આ કિંમતી ધાતુ યુદ્ધનું કારણ બની છે !**

# સૌરાષ્ટ્ર માર્કેટયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૧૧ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૬૦૧ | ૬૩૯ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૧૦૫૦ |
| જુવાર લાલ | ૯૫૦ | ૧૧૦૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૪૫ |
| બાજરી | ૪૩૦ | ૪૫૮ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૯૮ |
| ચણા પીળા | ૯૮૫ | ૧૧૫૫ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૮૯ |
| મગ | ૧૨૦૦ | ૧૭૭૫ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૧૪૦ |
| ચોળી | ૧૩૦૦ | ૨૫૨૬ |
| મઠ | ૭૫૫ | ૧૧૯૯ |
| વટાણા | ૩૪૭૫ | ૩૪૭૫ |
| કળથી | ૮૫૦ | ૧૦૨૬ |
| મગફળી જાડી | ૯૨૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૦૦ |
| અળશી | ૧૦૧૮ | ૧૦૧૮ |
| તલી | ૧૯૫૦ | ૨૧૦૨ |
| સુરજમુખી | ૫૧૩ | ૫૧૩ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૫ |
| અજમો | ૧૪૦૦ | ૧૬૦૦ |
| સુવા | ૧૦૦૯ | ૧૦૨૫ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૩ |
| સીંગફાડા | ૧૦૨૫ | ૧૨૫૫ |
| કાળા તલ | ૩૫૮૦ | ૫૮૦૦ |
| લસણ | ૮૫૦ | ૧૬૧૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૮૦ |
| મરચા સુકા | ૧૧૦૦ | ૨૬૦૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૪૧૬ |
| વરીયાળી | ૧૧૩૦ | ૧૫૩૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૪૦૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૩૨૫ |
| મેથી | ૮૮૦ | ૧૧૦૦ |
| રાયડો | ૮૭૦ | ૧૧૧૧ |
| રજકાનું બી | ૩૬૦૦ | ૪૧૪૦ |
| ગુવારનું બી | ૯૯૬ | ૯૯૬ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૭૦ | ૨૮૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૦૦ |
| ટમેટા | ૧૦૦ | ૨૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |

| | | |
|---|---|---|
| મુળા | ૩૫૦ | ૫૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૦ | ૬૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૬૦ |
| ભીંડો | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૪૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૪૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૩૦૦ | ૧૧૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| પરવર | ૧૮૦૦ | ૨૨૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૫૦૦ | ૬૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૬૦ | ૩૦૦ |
| મેથી | ૧૦૦ | ૨૫૦ |
| વાલ | ૮૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૩૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| હળદર લીલી | ૫૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૩૪૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૫૫ | ૧૧૫૦ |
| ગિરનારી શીંગ | ૧૧૦૮ | ૧૧૦૮ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૧૦૬ |
| શિંગ ફાડા | ૮૭૦ | ૧૧૫૬ |
| તલ સફેદ | ૧૫૭૫ | ૨૨૩૦ |
| તલ કાશ્મીરી | ૨૪૮૬ | ૨૬૯૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૩ |
| ઘઉં લોકવન | ૪૮૯ | ૬૩૦ |
| અડદ | ૭૯૨ | ૧૨૦૫ |
| ચણા | ૯૩૦ | ૧૧૪૦ |
| તુવેર | ૧૦૫૫ | ૧૪૦૩ |
| કપાસ | ૯૦૦ | ૧૪૮૯ |
| એરંડા | ૯૭૦ | ૧૨૧૩ |
| જીરૂ | ૩૨૦૦ | ૩૯૫૦ |
| ધાણી | ૧૨૫૧ | ૧૪૦૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૬૧૨ | ૭૭૯ |
| મરચા લાંબા | ૪૦૦ | ૨૮૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૫૦ |
| રીંગણાં | ૫૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૬૦ | ૧૨૦ |
| કોબીજ | ૫૦ | ૭૦ |
| શકકરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૮૦ | ૧૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દૂધી | ૧૨૦ | ૨૦૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| મુળા | ૧૦૦ | ૧૫૦ |
| કાકડી | ૪૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૧૦૦ | ૨૦૦ |
| વટાણા | ૫૦૦ | ૫૫૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| આમળા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૫૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૮૫૦ |
| આદુ | ૬૫૦ | ૭૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૧૫૦ |
| મેથીભાજી | ૧૦૦ | ૧૪૦ |
| ફુદીનો | ૫૦૦ | ૬૦૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૩૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| સરગવો | ૫૦૦ | ૭૦૦ |
| લીમડો મીઠો | ૩૦૦ | ૪૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૫૦૦ |
| મરચા લાલ | ૧૫૦ | ૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૪૬૦ |
| લસણ લીલુ | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૨૦ |
| લીંબુ | ૫૦૦ | ૮૦૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| પાલક | ૨૦૦ | ૩૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૪૩૧ |
| ઘઉં લોકવન | ૫૭૬ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૬૭૬ |

| | | |
|---|---|---|
| મગફળી જીણી | ૭૦૧ | ૧૧૦૦ |
| સિંગ ફાડીયા | ૮૬૧ | ૧૩૦૧ |
| એરંડા / એરંડી | ૯૭૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૨૮૫૧ | ૩૯૭૧ |
| ધાણા | ૮૦૦ | ૧૬૫૧ |
| લસણ સુકું | ૮૦૧ | ૧૯૪૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૬૨૧ |
| મઠ | ૯૯૧ | ૧૦૯૧ |
| તુવેર | ૧૧૧૧ | ૧૫૦૧ |
| રાય | ૧૦૨૧ | ૧૦૨૧ |
| મેથી | ૭૫૧ | ૯૮૧ |
| કાંગ | ૫૫૧ | ૯૦૧ |
| મરચા | ૪૦૧ | ૩૦૫૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૦૯૧ |
| નવા ધાણા | ૧૭૭૬ | ૧૭૭૬ |
| નવી ધાણી | ૧૩૫૧ | ૩૦૫૧ |
| નવું જીરૂ | ૪૦૬૧ | ૪૦૬૧ |
| નવું લસણ | ૭૭૬ | ૧૬૨૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૩૭૧ |
| તલ - તલી | ૧૭૦૧ | ૨૩૦૧ |
| ધાણી | ૯૫૧ | ૧૭૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૧ | ૨૩૧ |
| બાજરો | ૫૩૧ | ૫૩૧ |
| જુવાર | ૪૬૧ | ૪૮૧ |
| મગ | ૧૧૪૧ | ૧૮૪૧ |
| ચણા | ૯૦૧ | ૧૧૮૬ |
| વાલ | ૬૬૧ | ૧૨૨૧ |
| ચોળા / ચોળી | ૬૨૬ | ૨૨૦૧ |
| સોયાબીન | ૬૮૧ | ૮૦૧ |
| ગોગળી | ૭૯૧ | ૮૭૧ |
| વટાણા | ૫૨૬ | ૫૨૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૧૭ |
| કપાસ મીડીયમ | ૧૨૩૦ | ૧૪૧૦ |
| મગફળી જીરૂ૦ | ૧૦૫૨ | ૧૦૬૮ |
| મગફળી બીટી | ૯૯૮ | ૧૦૫૨ |
| જીરૂ | ૩૭૯૦ | ૩૯૦૦ |
| સોયાબીન | ૭૬૨ | ૭૭૮ |
| તુવેર | ૧૧૯૫ | ૧૨૫૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ઘઉં લોકવન | ૪૬૨ | ૫૫૭ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૨૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |

| | | |
|---|---|---|
| તુવેર | ૧૦૨૫ | ૧૪૪૦ |
| શીંગદાણા | ૧૦૪૦ | ૧૧૬૫ |
| મગફળી | ૬૦૦ | ૯૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૮૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૭૦ | ૧૪૫૨ |
| મગફળી | ૮૬૦ | ૧૦૫૦ |
| ઘઉં | ૫૪૬ | ૬૧૯ |
| અડદ | ૧૨૦૦ | ૧૨૨૫ |
| તુવેર | ૧૨૨૫ | ૧૩૫૧ |
| સોયાબીન | ૬૫૧ | ૬૫૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૪૧ |
| મગફળી | ૧૦૪૨ | ૧૦૭૬ |
| તુવેર | ૧૪૦૫ | ૧૪૦૫ |
| અડદ | ૧૦૩૬ | ૧૦૫૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૧ |
| ઘઉં | ૫૫૦ | ૬૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| મગફળી | ૬૦૦ | ૧૦૩૧ |
| શીંગફાડા | ૮૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૭૯૬ |
| અડદ | ૮૦૦ | ૧૪૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૫૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૪૦૦ | ૧૦૧૦ |
| તલ સફેદ | ૧૬૧૭ | ૨૪૦૦ |
| તલ પીળા | ૨૫૭૫ | ૨૫૮૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૪૨૬ |
| ઘઉં ટુકડા | ૬૫૧ | ૭૦૦ |
| જુવાર | ૫૨૬ | ૧૦૦૦ |
| અડદ | ૧૨૮૧ | ૧૨૮૧ |
| તુવેર | ૧૧૬૬ | ૧૧૬૬ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૮૪ |
| સોયાબીન | ૭૩૨ | ૭૫૨ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૦૧ | ૧૦૮૧ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૨૨ |
| તલ સફેદ | ૧૮૨૫ | ૨૧૭૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૩૯૫૦ |
| ઘઉ લોકવન | ૬૭૦ | ૭૦૦ |
| ઘઉં ટુકડા | ૬૭૦ | ૭૧૧ |

| | | |
|---|---|---|
| બાજરો | ૬૯૦ | ૭૨૧ |
| જુવાર | --- | ૮૪૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૪૯ |
| સોયાબીન | --- | ૭૫૦ |
| તુવેર સામાન્ય | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મઠ | -- | ૮૦૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૦૪ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૦૫ | ૧૪૪૯ |
| કપાસ સી ગ્રેડ | ૭૭૫ | ૧૦૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરૂ૦ | ૯૮૦ | ૧૦૩૨ |
| મગફળી ૩૨નં | ૯૫૦ | ૧૦૨૫ |
| બાજરી હાઇ. | ૫૩૦ | ૬૩૫ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૬૫૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૪૮ |
| તુવેર | ૧૧૦૦ | ૧૪૯૦ |
| જુવાર | ૭૫૦ | ૧૦૭૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| જા.તલ | ૨૨૦૦ | ૨૬૪૦ |
| સફેદ તલ | ૧૮૫૦ | ૨૨૭૨ |
| સોયાબીન | ૭૭૦ | ૮૧૪ |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૪૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૧૫ | ૧૧૭૦ |
| શીંગ ૩૨ | ૯૨૫ | ૧૦૨૬ |
| શીંગ ૩૯ | ૯૨૫ | ૧૧૦૧ |
| શીંગ જી-૨૦ | ૯૮૦ | ૧૦૨૬ |
| એરંડા | ૧૦૧૭ | ૧૦૧૭ |
| જુવાર | ૪૨૬ | ૧૦૧૪ |
| બાજરી | ૪૪૧ | ૭૨૫ |
| ઘઉં ટુકડા | ૫૮૦ | ૭૦૫ |
| મકાઈ | ૩૫૨ | ૩૫૨ |
| અડદ | ૭૭૦ | ૧૨૫૨ |
| મગ દેશી | ૯૦૦ | ૧૯૮૧ |
| મગ તરપતીયા | ૧૬૧૦ | ૧૬૧૦ |
| સોયાબીન | ૭૮૬ | ૮૧૦ |
| ચણા | ૯૨૫ | ૧૧૧૨ |
| તલ સફેદ | ૧૦૫૫ | ૨૦૮૫ |
| તલ કાળા | ૨૨૫૨ | ૪૯૨૨ |
| તુવેર | ૯૦૦ | ૧૩૭૦ |
| ડુંગળી લાલ | ૧૫૫ | ૪૫૫ |
| ડુંગળી સફેદ | ૧૭૦ | ૩૧૧ |
| કપાસ શંકર | ૧૧૦૦ | ૧૪૩૧ |
| નાળીયેર | ૫૧૩ | ૨૪૨૪ |

## શબ્દ સંજોગ-૧૯૪૪



**આડી ચાવી :**
(૧) પુર, શહેર (૩)
(૩) ઝાડ, પર્વત (૨)
(૪) એક પશુ (૨)
(૬) એક જાનવર (૩)
(૯) ડોકું (૨)
(૧૧) સુવિધા (૪)
(૧૩) .... મટી એટલે વૈદ વેરી. (૩)
(૧૪) એક અનાજ (૨)
(૧૫) વ્યક્તિની ઘટતી... કરવી જોઈએ. (૩)
(૧૮) જોર, તાકાત (૨)
(૧૯) આજે સંયુકત કુટુંબ મટી ... કુટુંબ થતા જાય છે. (અવળું) (૩)
(૨૧) શરીરનો એક ભાગ (૩)
(૨૩) થોડી....જુઓ (૨)
(૨૫) નાનો ટુકડો (૩)
(૨૬) રામાયણનું એક પાત્ર (૩)
(૨૭) .... ચૂકથી રહી ગયું છે (૩)
(૨૮) અદાકારે કોઈ પણ .... સારી રીતે રજૂ કરવાનો હોય છે (૨)
(૨૯) કવિતા કરનાર (૨)

**ઉભી ચાવી :**
(૧) એક વાદ્ય (૩)
(૨) ધૂળનો કણ (૨)
(૩) આંગળીથી.... વેગળા તે વેગળા જ (૨)
(૫) એક જ ...માં કદાપી ન જીવે (૩)
(૭) ગમ્મતભરી મજાક (૩)
(૮) દરેક ભજન કે ગીતમાં કોઈ ચોકકસ .... હોય જ (૨)
(૧૦) વાટ, રસ્તો (૩)
(૧૧) એક તંતુવાદ્ય (૩)
(૧૨) શ્રેણી, કોટિ (૨)
(૧૪) આજે આવક કરતાં .... વધી જવા પામે છે (૩)
(૧૬) લોહી, રૂધિર (૨)
(૧૭) ભવિષ્ય (૨)
(૧૮) દાનત તેવી.. (૪)
(૨૦) છલોછલ ભરેલું (૪)
(૨૨) એક રાશિ (૩)
(૨૪) કૂલી (૩)

## શબ્દ સંજોગ-૧૯૪૩ જવાબ

**આડી ચાવી :** (૧) પાવાગઢ (૪) સભા (૭) રબર (૯) ખબર (૧૦) સીસમ (૧૨) સોપારી (૧૩) નઈ (૧૪) સત (૧૫) વતન (૧૭) યોજના (૨૦) થર (૨૨) નેતર (૨૪) મહી (૨૬) વિમાતા (૨૮) મમ (૩૦) રસી (૩૧) મજાક (૩૨) આંક (૩૩) વજીર (૩૪) નર.

**ઉભી ચાવી :** (૧) પારસી (૨) ગરમ (૩) ઢબ (૫) ભાખરી (૬) તરબતર (૮) રસોઈયો (૧૧) સરત (૧૫) વહેમ (૧૬) નથ (૧૮) જનેતા (૧૯) નાત (૨૧) રવિ (૨૩) રમજાન (૨૫) હીરક (૨૭) માસાજી (૨૯) મકર.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed a t Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# દ્વારકા મંદિરની આસપાસ અને તેની ઉપર ડ્રોન ઉડતું દેખાયું, પોલીસે તપાસ હાથ ધરી

દ્વારકા,તા.૦૩

દ્વારકામાં મંદિરની આસપાસ ડ્રોન ઉડતું દેખાયું હતું. મંદિરના પ્રતિબંધિત વિસ્તારમાં ડ્રોન ઉડતું દેખાતા પોલીસ અને ફરજ પરના જવાનો એક્શનમાં આવ્યા હતાં. દુશ્મન દેશો દ્વારા ડ્રોનથી જાસૂસી કરાતી હોવાની આશંકાએ પોલીસ એક્શનમાં આવતા તત્કાળ વધુ ફોર્સ તૈનાત કરી સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ, દ્વારકામાં વહેલી સવારે દ્વારકાધીશ જગત મંદિર શિખર પર ડ્રોન ઉડતું દેખાયું હતું. મંદિરના પ્રતિબંધિત વિસ્તારમાં ડ્રોન દેખાતા ફરજ પર હાજર પોલીસ સક્રિય થઈ હતી. પોલીસ એક્શનમાં આવતા ડ્રોન ઉડાડનાર વ્યક્તિને રંગેહાથ ઝડપી લીધો છે.



દ્વારકા મંદિર ઉપર ડ્રોન ઉડાડવાની ઘટનામાં પોલીસે ડ્રોન ઉડાડનાર મુંબઈના શખ્સની અટકાયત કરી હતી. આ શખ્સને પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો હતો. પોલીસે આ શખ્સની પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તે યુટ્યૂબર છે અને મુંબઈનો રહેવાસી છે. આ શખ્સ પોતાની યુટયૂબ ચેનલ માટે વિવિધ સ્થાનોનું ડ્રોનથી શૂટિંગ કરે છે અને તેના વીડિયો બનાવે છે.

# રાષ્ટ્રીય પરેડમાં ભાગ લેનાર ગુજરાત ટેબ્લોના કલાકારો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાતે

ગાંધીનગર,તા.૦૩

૭૬મા પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં વિજેતા થયેલ ગુજરાત ટેબ્લોના કલાકારોની ટીમે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ વિવિધ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓની સ્પર્ધામાં ગુજરાતના ટેબ્લોને ત્રીજું સ્થાન મેળવવા બદલ કલાકારોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ, માહિતી નિયામક કે.એલ.બચાણી, અધિક માહિતી નિયામક અરવિંદ પટેલ, નાયબ માહિતી નિયામક જિગર ખુંટ સહિત માહિતી ખાતાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



પ્રજાસત્તાક પર્વની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના 'આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદ્ભૂત સંગમ' ટેબ્લોએ સતત ત્રીજા વર્ષે 'પોપ્યુલર ચોઈસ' કેટેગરીમાં સૌથી વધુ વોટ મેળવીને હેટ્રિક સર્જી છે. ગુજરાતની ઝાંખી રાજ્યના ઐતિહાસિક ગૌરવને સન્માન આપતા ઔદ્યોગિક અને ટેક પ્રોગ્રેસને દર્શાવતી હતી જ્યારે તેનું મુખ્ય આકર્ષણ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં બનેલ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' હતું.

# સાવરકુંડલાની કે.કે. હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રીયલ પ્રવાસે



સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલામાં આવેલ કે.કે. હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલાના પ્રખ્યાત કાંટા ઉદ્યોગની મુલાકાત કરવામાં આવી હતી. ડીઝીટલ કાંટાની વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા.

# પેરોલ પરથી ફરાર ડબલ મર્ડરના ત્રણ આરોપીને રાજકોટ પોલીસે કોડીનારથી ઝડપ્યા

કોડીનાર, તા.૦૩

રાજકોટ ડબલ મર્ડર કેસના ત્રણ આરોપી પેરોલ પર છૂટી છેલ્લા ત્રણ વર્ષથી પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા. ત્યારે રાજકોટ શહેરની પેરોલ સ્કવોડની ટીમે બાતમીના આધારે કોડીનારની જંત્રાખડી શેરીમાંથી હત્યાના ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીને ઝડપી લઈ રાજકોટ જેલ હવાલે કરેલ છે. રાજકોટના સાધુ વાસવાણી



રોડ પર આવેલા કૈલાશ પાર્ક શેરી નંબર ૧૦ માં રહેતા હકાભાઈ ગગનજીભાઈ સોહલા અને તેના પિતા ગગનજીભાઈ મુરલીધર ચોક પાસે ઉભા હતા. ત્યારે આરોપી સુલતાન જાવેદ, રાજા જાવેદ સહિત ચાર શખ્સોએ મશ્કરી કરી છરી ઝીંકી હત્યા કરી હતી. આ ચકચારી ડબલ મર્ડરની ઘટનામાં જેલમાં રહેલા પિતા પુત્ર પેરોલ પર છૂટ્યા હતા અને સમય મર્યાદા મુજબ જેલમાં હાજર થવાને બદલે નાસતા ફરતા હતા. પોલીસે બાતમીના આધારે આરોપીઓ મોહમ્મદ હુસૈન ઉર્ફે રાજા જાવેદભાઈ કામદાર, મહમદ નફીસ ઉર્ફે બાબા ઉર્ફે નજીર મોહમ્મદ, જાવેદ મુસા મુસાભાઈ મેમણ અને જાવેદ મુસાભાઈ કામદારને દબોચી લઈ રાજકોટ જેલ હવાલે કરેલ છે.

# ધોરાજી નગરપાલિકા ચૂંટણી : ૧૩૫માંથી ૧૧૪ ઉમેદવારી ફોર્મ મંજૂર

## ૨૧ ફોર્મ રદ થતાં ચૂંટણી જંગમાં ૧૧૪ ઉમેદવારો મેદાને

ધોરાજી,તા.૦૩

ધોરાજી નગરપાલિકાની આગામી ચૂંટણી માટે ઉમેદવારી પત્રોની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. ભારતીય જનતા પાર્ટી, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષ સહિતના કુલ ૧૩૫ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ધોરાજીના નાયબ કલેકટર અને ચૂંટણી અધિકારી દ્વારા હાથ ધરાયેલી ચકાસણી પ્રક્રિયામાં ૧૧૪ ઉમેદવારી ફોર્મ માન્ય રાખવામાં આવ્યા છે, જ્યારે ૨૧ ફોર્મ રદ કરવામાં આવ્યા છે. આ સાથે જ ધોરાજી નગરપાલિકાની ચૂંટણી માટે ચૂંટણી જંગનો માર્ગ મોકળો થયો છે.

# સોમનાથ એકેડેમીનો જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભમાં ત્રિવિધ વિજય

ગીર સોમનાથ,તા.૦૩

ગીર સોમનાથ જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૫ અંતર્ગત સરખડી મુકામે યોજાયેલી વોલીબોલ સ્પર્ધામાં સોમનાથ એકેડેમીએ ત્રણેય વયજૂથમાં સુવર્ણચંદ્રક મેળવ્યા છે. ૩૧ જાન્યુઆરીના રોજ યોજાયેલી આ સ્પર્ધામાં જિલ્લાભરની ૧૮ ટીમોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં સોમનાથ DLSS અને નોન-DLSS



સોમનાથ એકેડેમીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એકેડેમીની ટીમે અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એજ એમ ત્રણેય વિભાગમાં ગોલ્ડ મેડલ જીતી લીધા છે. આ વિજયથી ટીમને રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવાની તક મળશે. વિજેતા ખેલાડીઓને સોમનાથ એકેડેમીના પ્રમુખ કરસનભાઈ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલીયા, વોલીબોલ કોચ ગીતાબેન વાળા, DLSS મેનેજર રણજીતભાઈ દાહીમા, સ્પોર્ટ્સ ડાયરેક્ટર સંજયભાઈ સોલંકી અને કેમ્પસ ડાયરેક્ટર કુણાલભાઈ સોલંકીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ગોંડલમાં પૂજ્ય રામગરબાપુની ૩૬મી પુણ્યતિથિની ભવ્ય ઉજવણી

ગોંડલ,તા.૦૩

ગોંડલ શહેરના લોકપ્રિય સંત અને ગાયોના રક્ષક પૂજ્ય રામગર બાપુની ૩૬મી પુણ્યતિથિની ઉજવણી રામગર બાપુ ગૌ સેવા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે વિવિધ ધાર્મિક અને સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. સવારે ૯ કલાકે માંડવી ચોક સ્થિત જૂના અંબાજી મંદિર ખાતે પૂજ્ય બાપુની બેઠક પર ગુરુપૂજન



કરવામાં આવ્યું હતું. રામગરબાપુ સમાધિ મંદિર, ધારેશ્વર, સુરેશ્વર મંદિર સહિત અનેક શિવ મંદિરો અને ગૌશાળામાં ધ્વજારોહણ કરાયું હતું. રામગરબાપુ ચોક ખાતે યોજાયેલા બટુક ભોજનમાં ગોંડલ શહેર અને તાલુકાના ૫૦૦૦થી વધુ બાળકોએ પ્રસાદ લીધો હતો. લીલા પીઠ ગૌશાળા ખાતે પશુપાલન શાખા અને પશુ દવાખાના ગોંડલના સંયુક્ત ઉપક્રમે પશુ રોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો, જેમાં ૧૨૦થી વધુ ગાયોની સારવાર અને રસીકરણ કરવામાં આવ્યું હતું. પુણ્યતિથિ નિમિત્તે શહેર અને ગ્રામ્ય વિસ્તારની ૪૦થી વધુ ગૌશાળાઓ અને પાંજરાપોળમાં ગાયોને સુખડી, ગોળ, ખોળ અને ઘાસચારો આપવામાં આવ્યો હતો.

# ધોરાજીમાં સંત શિરોમણી શામજીબાપુની ૪૨મી પુણ્યતિથિ મહોત્સવની ઉજવણી થશે

ધોરાજી,તા.૦૩

સતાધારના સંત શિરોમણી શામજીબાપુની ૪૨મી પુણ્યતિથિ નિમિત્તે ધોરાજી ગુજ્જર ક્ષત્રિય કડિયા સેવા સમાજ અને કડિયા કેળવણી મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૬ ગુરુવારે શ્યામવાડી ખાતે ભવ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯:૦૦ કલાકે દીપ પ્રાગટ્ય અને મહાપૂજાથી કાર્યક્રમનો પ્રારંભ થશે. આ પ્રસંગે પુણ્યતિથિ મહોત્સવના મુખ્ય દાતા અને સંસ્થાના પ્રમુખ રાજેન્દ્રભાઈ કાનજીભાઈ યાદવનું વિશેષ સન્માન કરવામાં આવશે. સમાજના મહાનુભાવો પ્રાસંગિક પ્રવચન આપશે. કડિયા સમાજના પ્રમુખ રાજુભાઈ યાદવે જણાવ્યું હતું કે સમાજના તબીબી ક્ષેત્રમાં સેવારત તમામ ડોક્ટર્સનું સન્માન કરવામાં આવશે. સમાજલક્ષી વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા સમાજના પ્રમુખ રાજેન્દ્રભાઈ યાદવ, મંત્રી લલિતભાઈ મકવાણા, કેળવણી મંડળના પ્રમુખ કિશોરભાઈ વાઢેર, ઉપપ્રમુખ વિજયભાઈ મારુ, ધર્મેશભાઈ ગોહેલ સહિત શ્યામ મહિલા મંડળના હોદ્દેદારો અને યુવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. સમાજના તમામ ભાઈ-બહેનોને કાર્યક્રમમાં પધારવા ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કોડીનારના પ્રસિદ્ધ જંત્રાખડી ખોડીયાર મંદિર ખાતે ખોડીયાર જયંતિ મહોત્સવની ઉજવણી થશે



કોડીનાર તા.૦૩

કોડીનાર તાલુકાના જંત્રાખડી મુકામે આવેલ પ્રસિદ્ધ ખડેશ્વરી બાપુની તપોભૂમિ ખોડિયાર મંદિર ખાતે શ્રી ખોડિયાર જયંતી મહોત્સવ ઉજવવાનું આયોજન કરેલ છે. તા.૫.ને બુધવારે સવારના ૫.૩૦ કલાકે માતાજીનો અભિષેક, બપોરના ૧૨.૦૦ કલાકે મહાપ્રસાદ સહિત ધાર્મિક પ્રસંગોનું આયોજન કરેલ છે તો સર્વ ધર્મપ્રેમી જનતાને મહંત શ્રી વિરગીરિજી મહારાજએ પધારવા અનુરોધ કરેલ છે.

# કોડીનાર નગરપાલિકા ચૂંટણીમાં કોંગ્રેસ તૂટી "૭ વોર્ડમાંથી ૧૨ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યા"

કોડીનાર, તા.૩

કોડીનાર નગરપાલિકાની ચૂંટણીમાં આજે ફોર્મ ચકાસણીના દિવસે કોંગ્રેસમાં ભારે ભંગાણ સર્જાતા કોંગ્રેસના ૭ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેંચી લેતા ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસનો સફાયો થવા પામ્યો છે તેમજ આપના પણ ૫ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા કુલ ૧૨ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પરત ખેંચતા અને કોંગ્રેસના ૩ સહિત ૪ ઉમેદવારોના ફોર્મ રદ થતાં ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસના ૧૦ ઉમેદવારો ચૂંટણી જંગમાંથી બહાર ફેંકાયા છે. ભાજપના અનેક ઉમેદવારો બિનહરીફ જાહેર થશે ત્યારે ભાજપ છાવણીમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ અંગેની વિગત મુજબ કોડીનાર નગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ ભરવાના છેલ્લા દિવસે ૯૬ ફોર્મ ભરાયાં બાદ કોડીનાર મામલતદાર કચેરી ખાતે ફોર્મ ચકાસણીના દિવસે ફોર્મ ચકાસણીમાં ૪ ફોર્મ રદ થતાં અને ૧૨ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પરત ખેંચતા તેમજ ભાજપના ૨૮ ડમી ઉમેદવારો નીકળી જતા હવે ૫૨ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. અનેક ફોર્મ પરત ખેંચાતા અને ફોર્મ રદ થતાં ભાજપના અનેક ઉમેદવારો બિનહરીફ જાહેર થશે જો કે જો કે આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર રીતે બિનહરીફ ઉમેદવારોની યાદી બહાર પડાઈ નથી.

# ધોરાજીમાં મોહમદી કોલોનીના રહીશો દ્વારા નગરપાલિકાની ચૂંટણીનો બહિષ્કાર

ધોરાજી, તા.૦૩

ધોરાજીના જૂના ઉપલેટા રોડ પર આવેલ મોહમદી કોલોની, નળીયા કોલોની અને વોર્ડ નં.૬ વિસ્તારના લોકો દ્વારા નગરપાલિકાની ચૂંટણીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. તેઓનું કહેવું છે કે આ વિસ્તાર છેલ્લા ઘણા વર્ષોથી પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહ્યો છે. શુદ્ધ પાણી, સ્ટ્રીટ લાઈટ, સાફ-સફાઈ અને રોડ રસ્તાની ઘણાં



વર્ષોથી નગરપાલિકા તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવેલ નથી. નાના બાળકો માટે અભ્યાસ માટે આંગણવાડી નથી તેથી ગરીબ પરિવારોના નાના બાળકો આંગણવાડી ન હોવાથી અભ્યાસથી વંચિત છે. નગરપાલિકા તંત્રને શુધ્ધ પાણી, સ્ટ્રીટ લાઈટ, રોડ રસ્તાને લઈને અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી તેમ છતાં પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી નથી. આજરોજ નગરપાલિકા તંત્ર સામે ગામના રહીશો દ્વારા વિરોધ પ્રદર્શન કરેલ અને કોઈ પણ પક્ષના ઉમેદવારોએ મત માટે આવવું નહીં તેવા બેનરો લગાવીને ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો.

## -//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૦૫/૨૦૨૫

**અરજદાર** :- શ્રી સાવલીયા ધીરૂભાઈ મોહનભાઈ
રહે. માલવણ તા.જિ.અમરેલી

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.માલવણ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના માલવણ ગામમાં અરજદારશ્રી સાવલીયા ધીરૂભાઈ મોહનભાઈ તેઓના તેઓના નાના ભાઈ રમણીકભાઈ મોહનભાઈ સાવલીયાની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૩/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૪૯/૨૦૨૪

**અરજદાર** :- શ્રી બાબુભાઈ દેવરાજભાઈ ચકરાણી
રહે.બી-૨૬૨,તિરૂપતિ સોસાયટી,પૂણા-સીમાડા રોડ,
કુંભારીયા,સુરત, તા.જિ.સુરત
અરજદારના વકીલશ્રી દિનેશ એચ. માધડ

-: વિરૂધ્ધ :-

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.દેવભૂમી દેવળીયા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના દેવભૂમી દેવળીયા ગામમાં બાબુભાઈ દેવરાજભાઈ ચકરાણી તેઓના પુત્ર રોહિતભાઈ બાબુભાઈ ચકરાણીની જન્મ તા.૦૧/૦૫/૧૯૮૪ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૩૧/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# મહાકુંભ દુર્ઘટના કોઈ કાવતરું હોઈ શકે છે, તપાસ બાદ ચિત્ર સ્પષ્ટ થશે : રવિશંકર

નવીદિલ્હી,તા.૦૩



મહાકુંભ દુર્ઘટનાને લઈને સંસદમાં વિપક્ષે હોબાળો મચાવ્યો હતો. વિપક્ષ માંગ કરે છે કે મહાકુંભ અકસ્માતની ચર્ચા કરવા માટે સ્થગિત પ્રસ્તાવ લાવવામાં આવે અને મૃતકોની સંખ્યાની પુષ્ટિ કરવામાં આવે. આ મુદ્દા પર વિપક્ષે રાજ્યસભામાંથી વોકઆઉટ પણ કર્યું. લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન, ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદે આશંકા વ્યક્ત કરી હતી કે મહાકુંભ દુર્ઘટનામાં કોઈ કાવતરું હોઈ શકે છે અને અકસ્માતની તપાસ બાદ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આ દરમિયાન, સપા સાંસદ જયા બચ્ચને મહાકુંભ ઘટના અંગે હાસ્યાસ્પદ નિવેદન આપ્યું અને કહ્યું કે હાલમાં સૌથી વધુ દૂષિત પાણી કુંભનું છે કારણ કે ભાગદોડ પછી, લોકોના મૃતદેહો ગંગામાં ફેંકી દેવામાં આવ્યા હતા. રવિશંકર પ્રસાદે લોકસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર ચર્ચા દરમિયાન કહ્યું કે 'રાષ્ટ્રપતિએ તેમના ભાષણમાં મહાકુંભની પણ ચર્ચા કરી. ગઈ રાત સુધીમાં સમાચાર આવ્યા કે ૩૫ કરોડ લોકોએ સ્નાન કર્યું છે. તેમણે અકસ્માત પર દુઃખ પણ વ્યક્ત કર્યું, પરંતુ તે અકસ્માતની તપાસ પણ ચાલી રહી છે અને તેમાં પણ ષડયંત્રની ગંધ આવે છે. જ્યારે સંપૂર્ણ તપાસ થશે, ત્યારે અકસ્માત સર્જનારાઓને શરમથી ઝૂકવું પડશે.

# ફોર્બ્સની વિશ્વના સૌથી શક્તિશાળી દેશોની નવી યાદી, ભારત ટોપ ૧૦માંથી બહાર

(એચ.એલ,એલ),વોશિંગ્ટન,તા.૩



ફોર્બ્સે વિશ્વના ૧૦ સૌથી શક્તિશાળી દેશોની યાદી જાહેર કરી છે, ભારત આ યાદીમાંથી બહાર છે. ફોર્બ્સ ૨૦૨૫ ની આ નવી યાદીમાં, અમેરિકા ટોપ ૧૦ માં પ્રથમ ક્રમે છે, જ્યારે ચીન બીજા ક્રમે છે. ઈઝરાયલે ટોચના ૧૦ માં દસમું સ્થાન મેળવ્યું છે. ફોર્બ્સની ટોપ ૧૦ની યાદીમાંથી ભારતને બહાર રાખવા અંગે ઘણા ગંભીર પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. પરંતુ ફોર્બ્સે કહ્યું છે કે રેન્કિંગ જાહેર કરતી વખતે, તે વિવિધ પરિમાણો તપાસે છે અને પછી યાદી બહાર પાડવામાં આવે છે.

ફોર્બ્સે અહેવાલ આપ્યો છે કે પાવર સબ-રેન્કિંગ દેશની શક્તિને પ્રતિબિંબિત કરતી પાંચ મુખ્ય લાક્ષણિકતાઓમાંથી સમાન રીતે સરેરાશ સ્કોર્સ પર આધારિત છે. આ માટે, ફોર્બ્સ આ મુદ્દાઓ પર યાદીમાં સમાવિષ્ટ દેશોનું રાજકીય નેતા, આર્થિક પ્રભાવ, રાજકીય પ્રભાવ, મજબૂત આંતરરાષ્ટ્રીય જોડાણો અને મજબૂત સેના વગેરેનું મૂલ્યાંકન કરે છે.

# દિલ્હી વિધાનસભા માટે ચૂંટણી પ્રચાર સમાપ્ત, રાજકીય પક્ષોએ છેલ્લા દિવસે તમામ તાકાત લગાવી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે ચૂંટણી પ્રચાર સોમવારે સમાપ્ત થયો. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે, તમામ રાજકીય પક્ષોએ પ્રચારમાં પોતાની તાકાત લગાવી દીધી હતી. ભાજપ વતી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જંગપુરા, બિજવાસન અને દ્વારકા વિધાનસભા મતવિસ્તારમાં પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં મત માંગ્યા હતા. દરમિયાન, દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કાલકાજી અને છતરપુર વિધાનસભા મતવિસ્તારમાં આપ ઉમેદવારો માટે મત માંગ્યા હતા. ભાજપના પ્રવેશ વર્મા અને કોંગ્રેસના સંદીપ દીક્ષિત કેજરીવાલ સામે મજબૂત દાવો રજૂ કરી રહ્યા છે. તે જ સમયે, મુખ્યમંત્રી આતિશી કાલકાજી વિધાનસભા ક્ષેત્રમાં સતત બીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. તેમને ભાજપના ઉમેદવાર રમેશ બિધુરી અને કોંગ્રેસના અલકા લાંબા વચ્ચે કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે.

# મહાકુંભમાં ભાગદોડ મામલે સુપ્રીમ કોર્ટે સુનાવણી કરવાનો ઈનકાર કર્યો

નવીદિલ્હી,તા.૦૩





સુપ્રીમ કોર્ટે પ્રયાગરાજ મહાકુંભમાં થયેલી ભાગદોડને દુર્ભાગ્યપૂર્ણ ઘટના ગણાવી અને દેશભરમાંથી આવતા યાત્રાળુઓ માટે સલામતીના પગલાં અને માર્ગદર્શિકા લાગુ કરવા માટે નિર્દેશો માંગતી પીઆઈએલ પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો. સુપ્રીમ કોર્ટે પીઆઈએલ દાખલ કરનાર વકીલને તેમની અરજી સાથે અલ્હાબાદ હાઈકોર્ટ જવા કહ્યું હતું.

મહાકુંભમાં થયેલી ભાગદોડ અંગે સુપ્રીમ કોર્ટના વકીલ વિશાલ તિવારી દ્વારા આ પીઆઈએલ દાખલ કરવામાં આવી છે. અરજીમાં મૌની અમાવસ્યા પર થયેલી ભાગદોડ અંગે સ્ટેટસ રિપોર્ટ અને જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. એટલું જ નહીં, એવું પણ કહેવામાં આવ્યું છે કે બધા રાજ્યો મેળામાં સુવિધા કેન્દ્રો ખોલશે જેથી બિન-હિન્દી ભાષી નાગરિકોને કોઈ અસુવિધાનો સામનો ન કરવો પડે.

# એકનાથ શિંદેની જગ્યાએ અન્યને મુખ્યમંત્રી બનાવાશે : આદિત્ય ઠાકરે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૦૩



શું મહારાષ્ટ્રમાં શાસન કરી રહેલી એકનાથ શિંદેની શિવસેનાનું વિભાજન થશે? શું શિવસેનામાં એકનાથ શિંદેને બદલે કોઈ બીજું નેતૃત્વ તૈયાર થઈ રહ્યું છે? આ પ્રશ્ન વાજબી છે કારણ કે શિવસેના ઉદ્ધવ નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી આદિત્ય ઠાકરે તરફથી એક નિવેદન આવ્યું છે કે અમે જે કહ્યું તે સાચું છે. ફોન ટેપ થઈ રહ્યો છે. તમને જણાવી દઈએ કે આ પહેલા સંજય રાઉતે પણ નિવેદન આપ્યું છે કે ભાજપ એકનાથ શિંદેને બદલે ઉદય સામંતને મહત્વ આપી રહી છે. શિવસેનાના ધારાસભ્યોનું એક જૂથ શિંદેને બદલે ઉદય સામંતના સમર્થનમાં છે. હવે ભાજપ તેનો ઉપયોગ શિંદેને હટાવવા માટે કરશે.

# હરિયાણામાં મુખ્યમંત્રી સાંભળતા ન હોવાનું મંત્રી અનિલ વિજે દુઃખ વ્યક્ત કર્યું

ચંડીગઢ,તા.૦૩



હરિયાણાના વીજળી અને પરિવહન મંત્રી અનિલ વિજે ફરી એકવાર પોતાનું દુઃખ વ્યક્ત કર્યું છે. મંત્રી અનિલ વિજે કહ્યું, ચૂંટણી દરમિયાન મારા અધિકારીઓએ મારી વિરુદ્ધ કામ કર્યું હતું. સો દિવસ થઈ ગયા છે, પરિસ્થિતિ બદલાય કે ન બદલાય તેનાથી કોઈ ફરક પડવાનો નથી. આપણા પક્ષ અને સરકારે યોગ્ય રીતે કામ કરવું જોઈએ. આ માટે મુખ્યમંત્રીએ ધારાસભ્યો, મંત્રીઓ અને લોકોની વાત સાંભળવી જોઈએ. જ્યારે અનિલ વિજને પૂછવામાં આવ્યું કે મુખ્યમંત્રી તમારી વાત કેમ નથી સાંભળી રહ્યા? તો આ પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે જો હું બોલી રહ્યો છું તો તેમણે મારી વાત સાંભળવી જોઈએ. અનિલ વિજે કેબિનેટ મંત્રી શ્યામ સિંહના એ દાવાનો પણ પર્દાફાશ કર્યો છે કે તેમને સાંભળવામાં આવ્યા હતા.

અનિલ વિજે કહ્યું, 'તે સારી વાત છે કે તેમની સુનાવણી શરૂ થઈ ગઈ છે, પરંતુ ૧૦ દિવસ પહેલા શ્યામ સિંહે પોતે મને ફોન કરીને કહ્યું હતું કે યમુના નગરના અધિકારીઓ મારી વાત સાંભળતા નથી.' કૃપા કરીને મને એક વાર કહો.

# અફરાતફરી બાદ સેન્સેક્સ ૩૧૯ પોઈન્ટ ઘટીને બંધ થયો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૩

બજેટ પછી તીવ્ર ઘટાડા પછી થોડી રિકવરી હોવા છતાં, સોમવારે સ્થાનિક શેરબજાર ઘટાડા સાથે બંધ થયું હતું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ બેન્ચમાર્ક, સેન્સેક્સ, ૩૧૯.૨૨ પોઈન્ટના મોટા ઘટાડા સાથે ૭૭,૧૮૬.૭૪ પર બંધ થયો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ નિફ્ટી ૫૦ પણ ટ્રેડિંગના અંતે ૧૨૧.૧ પોઈન્ટ ઘટીને ૨૩,૩૬૧.૦૫ પર બંધ થયો હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન, કેનેડા અને મેક્સિકો પર ટેરિફ વધારવાની જાહેરાત અને આ દેશો દ્વારા બદલો લેવા ટેરિફ લાદવાની કાર્યવાહીથી વિશ્વભરના બજારોમાં હલચલ મચી ગઈ છે.

ટ્રેડિંગના અંતે, શેરબજાર બંધ થાય ત્યાં સુધી, બજાજ ફાઈનાન્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, મારુતિ સુઝુકી ઈન્ડિયા, ભારતી એરટેલ, ઝોમેટો સેન્સેક્સમાં ટોચના શેર તરીકે ઉભરી આવ્યા હતા.

# દિલ્હી-કટરા વંદે ભારત ટ્રેનમાં ફક્ત શાકાહારી ભોજન જ મળશે, માંસાહારી ખોરાક લઈ જવા પર પ્રતિબંધ

નવીદિલ્હી,તા.૦૩



વંદે ભારત દ્વારા મુસાફરી કરતા મુસાફરો માટે મહત્વપૂર્ણ સમાચાર છે. જો તમે શાકાહારી છો તો હવે તમારે ટ્રેનમાં મુસાફરી કરવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. નવી દિલ્હીથી કટરા સ્થિત શ્રી માતા વૈષ્ણો દેવી જતી વંદે ભારત ટ્રેન અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ટ્રેનમાં તમને ફક્ત શાકાહારી ભોજન જ મળશે. આ ટ્રેનમાં મુસાફરી કરતા ઘણા મુસાફરો એ વાતથી નારાજ હતા કે રેલ્વે કેન્ટીનમાં શાકાહારી અને માંસાહારી બંને પ્રકારનું ભોજન બનાવવામાં આવે છે. આવી સ્થિતિમાં, તેને ડર હતો કે તેને શુદ્ધ શાકાહારી ખોરાક મળશે કે નહીં. મુસાફરોની આ ચિંતાને ધ્યાનમાં રાખીને, નવી દિલ્હી-કટરા વંદે ભારત એક્સપ્રેસે ૧૦૦% શાકાહારી ભોજન આપવાની જાહેરાત કરી છે. માંસાહારી ખોરાક લઈ જવા પર પ્રતિબંધ મુકાયો છે.

# આપ સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્યને નુકસાન પહોંચાડી રહી છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે દિલ્હીમાં આમ આદમી પાર્ટી સરકારની આકરી ટીકા કરી હતી. પીએમ મોદીએ આરોપ લગાવ્યો કે આપ સરકાર વિદ્યાર્થીઓના ભવિષ્ય કરતાં પોતાની છબીને વધુ પ્રાથમિકતા આપી રહી છે. પોતાની છબી બચાવવા માટે, સરકાર ફક્ત એવા વિદ્યાર્થીઓને જ ધોરણ ૯ થી આગળ વધવાની મંજૂરી આપે છે જેઓ સારા ગુણ મેળવે છે.

વિદ્યાર્થીઓ સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે મેં સાંભળ્યું છે કે દિલ્હીની સરકાર બાળકોને ૯મા ધોરણથી આગળ જવાની મંજૂરી આપતી નથી. જે બાળકોને પાસ થવાની ખાતરી હોય તેમને જ જવાની મંજૂરી છે જેથી પરિણામ બગડે નહીં. પીએમએ કહ્યું કે આપ ભૂલથી પણ ન આવવું જોઈએ. તેમની પાર્ટીના લોકો આપ છોડી રહ્યા છે.

# એનવીએસ-૦૨ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂકવાના પ્રયાસોને ફટકો, ઉપગ્રહ સુરક્ષિત

નવીદિલ્હી,તા.૦૩




ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઈસરો) ના એનવીએસ-૦૨ ઉપગ્રહને ઈચ્છિત ભ્રમણકક્ષામાં મૂકવાના પ્રયાસોને ત્યારે ફટકો પડ્યો જ્યારે અવકાશયાનમાં રહેલા થ્રસ્ટર્સ કામ કરવામાં નિષ્ફળ ગયા. અવકાશ એજન્સીએ આ માહિતી આપી હતી. ભારતની પોતાની અવકાશ-આધારિત નેવિગેશન સિસ્ટમ માટે મહત્વપૂર્ણ માનવામાં આવતા એનવીએસ-૦૨ ઉપગ્રહને ૨૯ જાન્યુઆરીએ જીએસએલવી એમકે ૨ રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યો હતો. શ્રીહરિકોટા સ્પેસ સેન્ટરથી આ ઈસરોનું ૧૦૦મું લોન્ચિંગ હતું. ઈસરોએ તેની વેબસાઈટ પર જણાવ્યું હતું કે અવકાશયાન પર સ્થાપિત થ્રસ્ટર્સની નિષ્ફળતાને કારણે એનવીએસ-૦૨ ઉપગ્રહને ઈચ્છિત ભ્રમણકક્ષામાં મૂકવાનો પ્રયાસ સફળ થયો ન હતો. ઈસરોના મતે, ઉપગ્રહ સુરક્ષિત છે અને હાલમાં લંબગોળ ભ્રમણકક્ષામાં ફરે છે.

# આફ્રિકાના સૌથી મોટા હિન્દુ મંદિરનું ઉદ્ઘાટન, ભારતીયોમાં ખુશીનો માહોલ

જોહાનીસબર્ગ,તા.૩



હવે દક્ષિણ આફ્રિકામાં પણ સૌથી મોટા હિન્દુ મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ મંદિરનું ઉદ્ઘાટન ઉપરાષ્ટ્રપતિ પોલ માશાટાઈલે કર્યું હતું અને હવે તે જાહેર જનતા માટે ખુલ્લું છે.

આ મંદિર ૧૪.૫ એકર જમીન પર બનેલું છે, જેમાં ૩૪,૦૦૦ ચોરસ મીટરનું સાંસ્કૃતિક કેન્દ્ર, ૩૦૦૦ બેઠકો ધરાવતું ઓડિટોરિયમ, ૨૦૦૦ બેઠકો ધરાવતું બેન્કવેટ હોલ, એક સંશોધન સંસ્થા, વર્ગખંડો, પ્રદર્શન અને મનોરંજન કેન્દ્રો અને અન્ય સુવિધાઓ છે.

# હું માત્ર ૧૭ વર્ષની હતી, ત્યારે ડિરેક્ટરે મને રાત્રે ૧૧:૩૦ વાગ્યે હોટેલમાં બોલાવી : ઉપાસના સિંહ

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩



ભારતીય ફિલ્મ ઉદ્યોગ હોય કે હોલીવુડ, ગ્લેમરની દુનિયામાં કાસ્ટિંગ કાઉચનો શિકાર બનવું સામાન્ય બની ગયું છે. ત્યારે કપિલ શર્માની રીલ આંટી અને પ્રખ્યાત અભિનેત્રી ઉપાસના સિંહે તેની કારકિર્દીના શરૂઆતના દિવસોમાં ખૂબ જ પરેશાન કરનાર અને પીડાદાયક અનુભવ વિશે જણાવ્યું. સિદ્ધાર્થ કન્નન સાથેની નિખાલસ વાતચીતમાં, તે દક્ષિણ સિનેમાના એક ખૂબ જ મોટા ફિલ્મ નિર્દેશક સાથે થયેલા સંઘર્ષ વિશે જણાવ્યું જેણે સમગ્ર ફિલ્મ ઉદ્યોગ પ્રત્યેનો તેમનો દ્રષ્ટિકોણ કાયમ માટે બદલી નાખ્યો.

ઉપાસનાએ જણાવ્યું કે, દિગ્દર્શકે અભિનેત્રીને પૂછ્યું કે તે હંમેશા તેના પરિવારના સભ્યો સાથે કેમ આવે છે. ઉપાસનાને નિર્માતાનું આ નિવેદન પસંદ ન આવ્યું. આ પ્રારંભિક કારકિર્દી સંઘર્ષની શરૂઆત હતી જેણે તેની વ્યાવસાયિક દુનિયાને ઉલટી કરી નાખી હતી. અભિનેત્રી જણાવે છે કે, "એક સાંજે, દિગ્દર્શકે તેને રાત્રે ૧૧:૩૦ વાગ્યે ફોન કર્યો અને તેને એક હોટેલમાં બેસવા માટે આમંત્રણ આપ્યું." ડાયરેક્ટરનો ફોન ઉપાડી અને વાતચીત સાંભળ્યા પછી, ઉપાસનાએ પહેલા સંકોચ દર્શાવ્યો અને પછી કહ્યું કે તે બીજા દિવસે વાર્તા સાંભળવા માંગશે, કારણ કે તેની પાસે હોટેલ સુધી પહોંચવા માટે કાર નથી. અભિનેત્રીની આ વાત સાંભળીને દિગ્દર્શકે ભારપૂર્વક પૂછ્યું, 'ના, તું સિટિંગનો અર્થ સમજી નથી?' તેના આ સવાલે અભિનેત્રીને વધુ અસહજ અનુભવ કરાવ્યો. તેમ છતાં તેણી તેની સાથે ગઈ, જોકે તે આ અસહજ ભાવનાથી બહાર નીકળી શકી નહીં.

# ઈન્ડિયા ટી૨૦ શ્રેણી બાદ વનડે શ્રેણીમાં પણ ઈંગ્લિશ ટીમને હરાવવાનો પ્રયાસ કરશે

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૩



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ મેચની ટી ૨૦ શ્રેણી પૂરી થઈ ગઈ છે, પરંતુ ઈંગ્લેન્ડનો ભારત પ્રવાસ હજુ પૂરો થયો નથી. ઈંગ્લેન્ડની ટીમ હવે ભારત સાથે એક વનડે શ્રેણી પણ રમશે, જેની પહેલી મેચ ૬ ફેબ્રુઆરીએ રમાશે.

આ શ્રેણીમાં ત્રણ મેચ રમાશે, જે ચેમ્પિયન્સ ટ્રોફીની તૈયારીના દષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.

દરમિયાન, ટી ૨૦ શ્રેણીમાં રમી રહેલી ભારતીય ટીમમાં કેટલાક ખેલાડીઓ એવા છે જે વનડે શ્રેણી પણ રમશે, જેનો અર્થ છે કે તેમને આરામ મળશે નહીં.

ઈંગ્લેન્ડ સામેની વનડે શ્રેણી માટે ટીમ ઈન્ડિયાઃ રોહિત શર્મા, શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, કેએલ રાહુલ, હાર્દિક પંડ્યા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, યશસ્વી જયસ્વાલ, ઋષભ પંત, રવિન્દ્ર જાડેજા.

## શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે એડમિશન પ્રક્રિયા સરળ થશે

# ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ પોર્ટલ નવીન સુધારા સાથે કાર્યરત થયું

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૩

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે GCASની રીવ્યુ બેઠક યોજાઈ હતી. જેમાં રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઇ પાનશેરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ સચિવ સુનયના તોમર, ઉચ્ચ શિક્ષણ કમિશનર દિનેશ ગુરવ સહિત ૧૧ સરકારી યુનિવર્સિટીઝના વાઇસ ચાન્સેલર્સ અને તેમના પ્રતિનિધિઓ અને વિદ્યાર્થી સંગઠનના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા. ગત વર્ષે રાજ્ય સરકાર દ્વારા સરકારી યુનિવર્સિટીઝ થકી કોલેજમાં એડમિશન માટે જીસીએએસ (ગુજરાત કોમન એડમિશન સર્વિસ) પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલમાં



કેટલીક ત્રુટિઓમાં સુધારો કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે વધુ સુગમ અને સરળ બનાવવા અને રાજ્યના એકપણ વિદ્યાર્થીને એડમિશન પ્રક્રિયામાં અગવડ ન પડે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા માટે મંત્રી ઋષિકેશ પટેલે સૂચના આપી હતી. જેના પગલે વિભાગ દ્વારા ગત વર્ષે પડેલી કેટલીક અગવડ સામે નવીન સુધારા સાથેનું પોર્ટલ કાર્યાન્વિત કરાયું છે. વધુમાં આ નવીન સુધારાઓને પબ્લિક ડોમેનમાં પણ મૂકવામાં આવ્યા હતા.

## ગિફ્ટ સિટી આજે વિશ્વભરમાં ફિનટેકનું આકર્ષણ કેન્દ્ર બન્યું

# ગિફ્ટ સિટી દેશનું ફિનટેક હોમ બનવા તરફ જઈ રહ્યું છે : મુખ્યમંત્રી

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૩

મુખ્યમંત્રીએ ગિફ્ટ સિટીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેન્જના સેન્સેક્સ ફ્યુચર્સ એન્ડ ઓપશન્સ કોન્ટ્રાક્ટ્સ ઓપરેશન્સનો બેલ રિંગીંગ સેરિમનીથી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ નાણાંકીય નવીનતાના ક્ષેત્રોમાં સતત અગ્રણી રહેલા ઈન્ડિયા ઈન્ટરનેશનલ



એક્સચેન્જના આ નવા લોન્ચિંગથી વૈશ્વિક રોકાણકારોને ભારતીય બજારમાં રોકાણ માટે સરળતા થશે તેવી અપેક્ષા દર્શાવી હતી. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, ઈન્ડિયા આઈએનએક્સ પર યુ.એસ. ડોલર આધારિત સેન્સેક્સ ફ્યુચર એન્ડ ઓપશન્સ કોન્ટ્રાક્ટસ એક મહત્વપૂર્ણ પગલું છે. એટલુ જ નહીં, ભારતીય નાણાંકીય બજારોને વૈશ્વિક રોકાણ વ્યવસ્થા સાથે વધુ નજીકથી જોડાવાની તક પણ પૂરી પાડનારું આ કદમ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગિફ્ટ સિટીમાં સતત નવા આયામો ઉમેરાઈ રહ્યા છે તેની સરાહના કરતાં કહ્યું કે, ગિફ્ટ સિટી આજે વિશ્વભરમાં ફિનટેકનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. તેમણે ઉમેર્યુ કે, ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસ સેન્ટર અને બુલીયન એક્સચેન્જ સફળતાપૂર્વક ઓપરેશનલ છે.

# ગોધરાકાંડના ફરાર આરોપીની પુણેમાં ચોરીના આરોપમાં ધરપકડ કરાઈ

(એચ.એસ.એલ),ગોધરા,તા.૩

ગોધરા ટ્રેન હત્યાકાંડના દોષિત સલીમ ઉર્ફે સલમાન યુસુફ જર્દા (૫૫)ની મહારાષ્ટ્રના પુણેમાં ચોરીના કેસમાં ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગોધરા ઘટનામાં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ સલીમને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી, પરંતુ ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જામીન પર બહાર આવ્યા બાદ તે ફરાર થઈ ગયો હતો. પોલીસે જણાવ્યું હતું કે ૭ જાન્યુઆરીએ ગ્રામીણ પુણેના જુન્નારથી એક ટ્રકમાંથી લગભગ ૨.૪૯ લાખ રૂપિયાના ટાયર



અને ટ્યુબની ચોરી થઈ હતી. આ કેસમાં ટ્રક ડ્રાઈવર સોમનાથ ગાયકવાડે એફઆઈઆર નોંધાવી હતી. આ કેસની તપાસ કરતી વખતે, પોલીસને ખબર પડી કે નાસિકમાં પણ આવો જ એક કેસ બન્યો હતો. જેમાં પુણેના સિન્નાર પોલીસ સ્ટેશન અને મંચર પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં ટ્રકમાંથી માલની ચોરી થઈ હતી.

# સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય હનીટ્રેપનો શિકાર બન્યા

સુરેન્દ્રનગર,તા.૩

સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય હનીટ્રેપનો ભોગ બનતાં પાટડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. યુવતીએ મોબાઈલ પર અન્ય યુવતીઓના ફોટો બતાવી વીડિયો વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા ૧૦ લાખની ખંડણી માંગતા ભોગ બનનારે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. સુરેન્દ્રનગર જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય નટુભાઈ ઈલોરિયાને યુવતીએ મોબાઈલ પર અન્ય યુવતીઓના ફોટો બતાવી, અંગત



પળોના વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ૧૦ લાખ રૂપિયાની ખંડણી માંગી હતી. ગભરાયેલા નટુભાઈએ પોતે હનીટ્રેપનો શિકાર થયાની શંકા થતાં પાટડી પોલીસ સ્ટેશને ૨ યુવતી સહિત ૫ શખ્સો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# જયેશ રાદડીયાને કોંગ્રેસમાં પરત ફરવા મનહર પટેલની સલાહ

ગાંધીનગર,તા.૩

ભાજપમાં જયેશ રાદડીયાના વળતા પાણી થઈ રહ્યા છે. લાંબા સમયથી સૌરાષ્ટ્રના આ યુવા નેતા સૌરાષ્ટ્રના રાજકારણમાં ચર્ચાનો વિષય બની રહ્યા છે. અનેકવાર તેઓ જાહેર મંચ પરથી નિવેદનો આપી ચૂક્યા છે. ત્યારે આવામાં કોંગ્રેસના નેતાએ જયેશ રાદડીયાને કોંગ્રેસમાં પરત ફરવાની સલાહ આપી છે. કોંગ્રેસના નેતા મનહર પટેલે રાદડીયાને કહ્યું કે, સમય



છે પાછા વળો ફાયદામાં રહેશે. જેતપુર ભાજપના ડખા પર કોંગ્રેસ નેતા મનહર પટેલની પ્રતિક્રિયા સામે આવી છે. મનહર પટેલે કહ્યું કે, ભાજપમાં જયેશ રાદડીયા પોતાના બે ઉમેદવારોને ટિકિટ પણ અપાવી શક્તા નથી. મને યાદ છે અને સાક્ષી પણ છું કે વિઠ્ઠલભાઈ રાદડીયા રાજકોટ જિલ્લા પંચાયતના ઉમેદવારોના કોરા મેન્ડેન્ટ મંગાવતા અને ખુદ ઉમેદવાર પસંદ કરતા હતા. આ હતો કોંગ્રેસમાં વિઠ્ઠલ રાદડીયાનો સમય. આજે ભાજપાના જયેશ રાદડીયા પોતાના બે ઉમેદવારોને ટિકિટ પણ અપાવી શક્તા નથી અને સમાજ સામે ભાષણ કરો છો કે માયકાંગલાઓને નેતા ન બનાવો.

# ચોંકાવનારો કિસ્સો : સુરતમાં હાઈફાઈ જિંદગી જીવવા યુવકે પોતાના જ ઘરમાં ચોરી કરી

સુરત, તા.૦૩

સુરતમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક યુવકે હાઈફાઈ જિંદગી જીવવા માટે પોતાના જ ઘરની તિજોરી તોડી તેમાં રાખેલા રોકડા અને બહેનના કિંમતી ઘરેણા ચોરી લીધા હતા. ચોંકાવનારી વાત એ છે કે, ચોરી થયાનું માલૂમ પડતાં પરિવારજનોને પોતાના જ ઘરના વ્યક્તિ પર શંકા ગઈ હતી. અંતે કાપોદ્રા પોલીસે આરોપી યુવકને ગ્રાઈન્ડર મશીન સાથે ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપી પહેલેથી જ ચોરી કરવાથી ટેવાયેલો છે. અગાઉ તેના માતા-પિતાએ યુવકને ઘરેથી પણ હાંકી કાઢ્યો હતો. સુરતના કાપોદ્રા વિસ્તારની અશોકવાટીકા સોસાયટીમાં ઘરની અંદર જઈ



લોખંડની તિજોરી તોડી તેમાં મુકેલા રૂ.૧૦,૦૦૦ રોકડા અને દોઢ તોલા વજનનો સોનાનો બ્રેસલેટ (કિંમત આશરે રૂ.૧,૨૦,૦૦૦) ઉઠાવીને નાસી ગયો હતો. પોલીસની નજર ખાસ કરીને ફરિયાદીના દીકરા શુભમ માંગુકીયા તરફ ગઈ હતી. શુભમ મોજ-શોખ માટે ઘણીવાર નાની-મોટી ચોરી કરતો, જેના કારણે તેના માતા-પિતાએ પણ તેને ઘેરથી બહાર કાઢી મૂક્યો હતો. પોલીસે આરોપીને પકડી પાડ્યો હતો. આરોપીની તપાસ કરતા તેની પાસેથી રૂ.૧,૪૩,૯૫૦ કિંમતનો ચોરાયેલો મુદામાલ પણ મળી આવ્યો હતો.

# ગુજરાતમાં ફરી માવઠાના એંધાણ: સૌરાષ્ટ્ર-કચ્છ સહિત મધ્ય ગુજરાતમાં છુટા છવાયા વરસાદની શક્યતા

અમદાવાદ, તા.૦૩

ગુજરાતવાસીઓએ જાન્યુઆરી મહિનામાં ઠંડી અને ગરમીનો અનુભવ કર્યો છે. ત્યાર બાદ હવે ફેબ્રુઆરી માસમાં પણ ગુજરાતવાસીને ગરમીનું પ્રમાણ વધુ અનુભવાઈ શકે છે તે સાથે જ સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં છૂટા છવાયા હળવા વરસાદને કારણે માવઠાની પણ સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.



ગુજરાતમાં વિવિધ હવામાન નિષ્ણાંતો અને હવામાન વિભાગ દ્વારા ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાં વરસાદની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ જે સિસ્ટમને કારણે વરસાદની સંભાવના હતી તે સિસ્ટમ નબળી પડતા વરસાદની શક્યતા નહિવત્ બની છે તેમ છતાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતાઓ છે. બીજી તરફ સમગ્ર ફેબ્રુઆરી માસ માટે હવામાન વિભાગ તથા હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

# પાટણના ચાણસ્મામાં ઝડપાયેલ જુગારધામ મામલે ભાજપ પ્રમુખ રાજેશ પટેલ સસ્પેન્ડ

પાટણ,તા.૩

પાટણના ચાણસ્મા વિસ્તારમાં ચાલી રહેલા જુગારધામ પર એસએમસીએ દરોડો પાડી ૩૩ જેટલા જુગરિયાને ઝડપી લીધા હતા. આ મામલામાં આશ્ચર્યજનક રીતે ભાજપના પાટણ શહેર પ્રમુખ રાજેશ પટેલની સંડોવણી સામે આવી છે. ભાજપ પાર્ટી દ્વારા શહેર પ્રમુખ પર કાયદેસરના પગલા લઈને રાજેશ પટેલને ૬ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ પગલું પ્રદેશ મોવડી મંડળના આદેશ પર લેવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ, પાટણના ચાણસ્મામાંથી એસએમસી (સ્ટેટ મોનીટરીંગ સેલ)એ જુગારના અડ્ડા પર દરોડો પાડીને ૩૩ આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે ચાણસ્માના હાઈવે સર્કલ સ્થિત સિટી પ્લાઝા કોમ્પ્લેક્સમાં આવેલી નવજીવન સ્પોર્ટ્સ ક્લબ પર દરોડો પાડ્યો હતો. પોલીસે અહીંથી ૩૩ જુગારીઓની ધરપકડ કરી હતી.

## ભાજપનો આંતરિક વિવાદ સપાટી પર આવ્યો

# કૃષિમંત્રી રાઘવજી પટેલ સામે ધ્રોલ BJP વોટ્સએપ ગ્રુપમાં ગંભીર આરોપો

જામનગર, તા.૦૩

જામનગર જિલ્લાની ધ્રોલ નગરપાલિકાની આગામી ચૂંટણી પહેલા ભાજપમાં આંતરિક વિવાદ સપાટી પર આવ્યો છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલના લાંબા સમયના સમર્થક અને ભાજપના કાર્યકર ભીમજી મકવાણાએ મંત્રી સામે ગંભીર આરોપો મૂક્યા છે. ભીમજી મકવાણાએ સોશિયલ મીડિયા પર વાઈરલ કરેલા પત્રમાં આક્ષેપ કર્યો છે કે, અગાઉની તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં કૃષિમંત્રીએ બહુજન સમાજ પાર્ટી (બસપા)નું મેન્ડેટ ખરીદીને મોટા વાગુદડમાં ભાજપના ઉમેદવાર સામે બસપાનો ઉમેદવાર ઊભો રાખ્યો હતો. તેમણે આરોપ મૂક્યો કે હાડાટોડા ગામથી આયાતી ઉમેદવાર ઉતારવામાં



આવ્યો હતો અને બે-ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. બીજી તરફ, કૃષિમંત્રી રાઘવજી પટેલના અંગત સૂત્રોએ જણાવ્યું કે, ભીમજી મકવાણાએ પોતાની પુત્રવધૂ માટે વોર્ડ નંબર ૫ની ટિકિટ માગી હતી, જ્યારે તેઓ વોર્ડ નંબર ૭માં રહે છે. પાર્ટીના નિયમ મુજબ, ઉમેદવારને તેમના રહેઠાણ વાળા વોર્ડમાંથી જ ટિકિટ આપવામાં આવે છે. આ કારણે તેમને ટિકિટ ન મળતા તેમણે આ પત્ર વાઈરલ કર્યો છે.

# રાજકારણમાં વધી ગયા દલાલ : નીતિન પટેલના નિવેદનથી ચર્ચા

(એચ.એસ.એલ),કડી,તા.૩

મહેસાણાના કડીના ડરણ ગામમાં નીતિન પટેલનું મોટું નિવેદન સામે આવ્યું છે. રાજકારણમાં દલાલો વધી ગયાનું જાહેરમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, આવા દલાલો ભાજપનો કાર્યકર અને હોદ્દેદાર છું એવું કહી ઓળખાણ રાખે છે અને જેથી અધિકારીઓ ફટાફટ કામ કરી આપે છે. દલાલી કરતા અનેક કરોડપતિ થઈ ગયા. ત્યારે જાહેર મંચ પરથી નીતિન પટેલના નિવેદનથી ચર્ચા જાગી છે. કડીના ડરણ ગામમાં ડરણ કેળવણી મંડળનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના સ્ટેજ ઉપરથી નીતિન પટેલે રાજકારણની વાતમાં મોટી વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે, રાજકારણમાં દલાલો વધી ગયા છે. દલાલી કરી અધિકારીઓ સાથે ઓળખ રાખવાની. હું ભાજપનો કાર્યકર છું, ભાજપનો હોદ્દેદાર છું અને નેતા છું... કહીં ઓળખાણ આપે છે. ઓળખાણ આપે એટલે અધિકારી ફટાફટ કામ કરી આપે. ભાજપ સરકારે અનેક લોકોને સુખી કર્યા છે.








